પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૨૨૮, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૧-૦૫-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 228 PRICE :-RS. 1.50 DATE : 21-05-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોરોનાને લઈને કેન્દ્ર સરકારની નવી એડવાઈઝરી

## નવો ખતરોઃ હવામાં ૧૦ મીટર સુધી ફેલાઈ શકે છે કોરોના વાયરસ



ન્યુ દિલ્હી,
કેન્દ્ર સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારના કાર્યાલય તરફથી કોરોના સંક્રમણને જોતા સલાહ આપવામાં આવી છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે, ભારતમાં મહામારીના પ્રકોપની વચ્ચે આપણે એકવાર ફરી એ સામાન્ય નિયમોને યાદ રાખવાની જરૂરિયાત છે જેના દ્વારા સાર્સ-CoV-2 વાયરસનું ટ્રાન્સમિશન સીમિત કરી શકીએ છીએ. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે ઑફિસો અને ઘરોમાં સારા વેન્ટિલેશન દ્વારા સંક્રમણનો ખતરો ઓછો કરી શકાય છે. સલાહમાં કહેવામાં આવ્યું છે કે છે સારા વેન્ટિલેશન દ્વારા એક સંક્રમિત વ્યક્તિથી બીજામાં સંક્રમણના ટ્રાન્સમીટ થવાની શક્યતા ઓછી રહી છે.

ઑફિસ અને ઘરોમાં વેન્ટિલેશનના સંદર્ભમાં સલાહ આપવામાં આવી છે કે સેન્ટ્રલ મેનેજમેન્ટ સિસ્ટમવાળી બિલ્ડિંગોમાં સેન્ટ્રલ એર ફિલ્ટરમાં સુધારો કરવાથી ઘણી મદદ મળી શકે છે. એડવાઈઝરીમાં ઑફિસ, ઑડિટોરિયમ, શૉપિંગ મૉલ વગેરેમાં ટેબલ ફેન સિસ્ટમ અને રૂફ વેન્ટિલેટરના ઉપયોગની ભલામણ કરવામાં આવી છે. દિશા-નિર્દેશોમાં કહેવામાં આવ્યું છે કે પંખો રાખવાની જગ્યાએ પણ મહત્વપૂર્ણ છે કે પંખો એવી જગ્યાએ ના રાખવો જોઈએ જ્યાંથી દૂષિત હવા સીધી કોઈ બીજી તરફ જાય.

ભારત સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારના કાર્યલયે પોતાની સલાહમાં કહ્યું છે કે

★ દેશના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર કે. વિજય રાઘવને રજૂ કરી એડવાઈઝરીઃ કોરોના દર્દીઓના ૧૦ મીટરના વિસ્તારમાં સંક્રમણનો ભય.
★ રૂમ-ઓફિસો-સાર્વજનિક સ્થળો પર વેન્ટીલેશન વધારવા સલાહ, પંખા લગાવો - બારી બારણા ખુલ્લા રાખી એર સર્કયુલેશન વધારો.
★ ડોર હેન્ડલ-લાઈટ સ્વીચ-ટેબલ- ચેર વગેરેની નિયમિત સફાઈ જરૂરી, ડબલ માસ્ક કે એન-૯૫ માસ્ક જરૂરી, કોટનનો હોય તો બે પહેરો, સર્જીકલ હોય તો એકથી ચાલે.

એરોસોલ અને ડ્રોપલેટ્સ દ્વારા વાયરસનું ટ્રાન્સમિશન ઝડપથી થાય છે. એરોસોલ હવામાં ૧૦ મીટર સુધી જઈ શકે છે. સલાહમાં કહેવામાં આવ્યું છે કે સંક્રમિત વ્યક્તિના ૨ મીટરના અંતરમાં ડ્રોપલેટ્સ પડે છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે જો કોઈ સંક્રમિત વ્યક્તિમાં લક્ષણો નથી તો પણ તેનાથી પુરતા ડ્રોપલેટ્સ નીકળે છે જેનાથી અન્ય લોકો સંક્રમિત થઈ શકે છે.

સલાહમાં કહેવામાં આવ્યું છે કે સંક્રમિત વ્યક્તિ દ્વારા શ્વાસ છોડવા, વાત કરવા, બોલવા, ગાવા, હસવા, ખાંસતા અથવા છીંકતા દરમિયાન લાળ અને નાક દ્વારા ડ્રોપલેટ્સ અને એરોસોલ બની શકે છે જે વાયરસનું ટ્રાન્સમિશન ફેલાવી શકે છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે લોકોને ડબલ માસ્ક અથવા એન-૯૫ માસ્ક પહેરવું જોઈએ. દિશા-નિર્દેશોમાં કહેવામાં આવ્યું છે કે, વાયરસના ટ્રાન્સમિશનને રોકવા અને સંક્રમણ દરને ઓછો કરવા માટે નાગરિકો, સમુદાયો, સ્થાનિક જૂથો અને અધિકારીઓનું સમર્થન અને સહયોગ જરૂરી છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે, માસ્કના ઉપયોગની સાથે વેન્ટિલેશન, ડિસ્ટન્સિંગ અને સ્વચ્છતા, વાયરસની વિરુદ્ધ લડાઈ જીતી શકાય છે.

### ગુજરાત મહાભયંકર રોગના ભરડામાં...!

## છેલ્લાં ૧૦ દિવસમાં મ્યુકરમાઈકોસિસના કેસમાં ૩૦૦ ટકાનો વધારો

ગાંધીનગર,
ગુજરાતમાં હાલ કોરોના કહેર, મ્યુકરમાઈકોસિસનો કહેર વરસી રહ્યો છે. લોકો કોરોનામાંથી સાજા થયા બાદ મ્યુકરમાઈકોસિસનો ભોગ બની રહ્યા છે. રાજ્યમાં તમામા મહાનગરોમાં મ્યૂકરમાઈકોસિસ દર્દીઓ માથે મોતનો ખતરો મંડરાઈ રહ્યો છે. મ્યુકરમાઈકોસિસના ઈન્જેક્શનની ભારે અછત વર્તાઈ રહી છે. ત્યારે હાલ એક ભયાનક અહેવાલ સામે આવી રહ્યો છે. અમદાવાદ સિવિલમાં કૂદકેને ભૂસકે મ્યુકરમાઈકોસિસના દર્દીઓ વધી રહ્યા છે. સિવિલ હોસ્પિટલમાં અત્યારે ૪૮૧ દર્દીઓ દાખલ છે. પરંતુ છેલ્લા ૧૦ દિવસની વાત કરવામાં આવે તો મ્યુકરમાઈકોસિસના કેસમાં ૩૦૦ ટકાનો વધારો નોંધાયો છે. રોજના ૪૦ દર્દી વધતાં ૭ ઓપરેશન થિયેટર ખોલાયાં છે. રોજના ૩૦ જેટલાં મ્યુકરમાઈકોસિસના ઓપરેશન કરાય છે.


બીજી બાજુ મ્યુકરમાઈકોસિસનો કહેર વધતા તંત્ર અને સરકાર પણ સજાગ થઈ ગઈ છે. હાલ મ્યુકરમાઈકોસિસમાં એકમાત્ર દવા 'એમ્ફોટેરિસિન બી' ઈન્જેક્શન છે. જે પણ દર્દીઓને સરળતાથી મળી રહ્યા નથી. ત્યારે મ્યુકરમાઈકોસિસની દવાઓ માટે સરકારે એક ખાસ નીતિ બનાવી હોવાની વાત સામે આવી રહી છે. 'એમ્ફોટેરિસિન બી' ઈન્જેક્શન સરળતાથી મળી રહે તેના માટે સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. હોસ્પિટલે પડતર કિંમતે જ દર્દીઓને ઈન્જેક્શન આપવાં પડશે. તેમાં કાળા બજાર કરવામાં આવશે નહીં. સરકારે બનાવેલી નીતિ પ્રમાણે હાલ રાજ્યના ૮ મનપાની ૮ હોસ્પિટલથી ખાનગી હોસ્પિટલમાં જથ્થો અપાશે. દર્દીના જરૂરી ડોક્યુમેન્ટના આધારે ઈન્જેક્શન અપાશે.

મ્યુકરમાઈકોસિસમાં 'એમ્ફોટેરિસિન બી' ઈન્જેક્શન ૮ મનપાની ૮ હોસ્પિટલમાં ફાળવવામાં આવ્યા છે, તેમાં અમદાવાદમાં એસવીપી, સોલા સિવિલ, ગાંધીનગરથી જીએમઈઆર, ભાવનગરમાં સર ટી, રાજકોટમાં પીડીયુ, જામનગરમાં જીજી હોસ્પિટલ, સુરતમાં સ્મિમેર, વડોદરા એસએસજીમાંથી ઈન્જેક્શન મળશે.

અમદાવાદ સિવિલ કેમ્પસની હોસ્પિટલોમાં મ્યૂકરમાઈકોસિસના ૪૪૭ દર્દીઓ સારવાર હેઠળ છે, સૂત્રો કહે છે કે, સિવિલમાં રોજના એક હજાર જેટલા ઈન્જેક્શનની જરૂરિયાત સામે સરકાર રોજના માંડ ૧૦૦ જેટલા ઈન્જેક્શન પૂરા પાડે છે, ક્યારેક એય આવતાં નથી, આ સ્થિતિમાં અધકચરી સારવારના કારણે સિવિલમાં દાખલ દર્દીઓ માથે મોતનો ખતરો તોળાઈ રહ્યો હોવાનું જાણકારો કહે છે.

તબીબો પણ કોને ઈન્જેક્શન આપવા અને કોને નહિ તે નક્કી કરવામાં ચકરાવે ચઢે છે. ખાનગી હોસ્પિટલોમાં પણ આ જ પ્રકારની ગંભીર સ્થિતિ છે, જોકે સરકાર હજુ સુધી ઈન્જેક્શન પૂરા પાડી શકતી નથી. બીજી તરફ અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડો. જે.વી. મોદીનું કહેવું છે કે, સિવિલમાં મ્યૂકરના ૪૪૭ દર્દી દાખલ છે, બુધવારે સાંજ સુધીમાં ૩૦ જેટલા દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યું છે, દિવસ દરમિયાન ૨૬ જેટલી સર્જરી કરવામાં આવી હતી. સિવિલ કેમ્પસની ડેન્ટલ હોસ્પિટલમાં ૬૦થી વધુ દર્દી છે, દર્દીઓનો ધસારો વધતાં ડેન્ટલમાં બીજું ઓપરેશન થિયેટર કાર્યરત્ કરી દેવાયું છે, જ્યાં રોજ સાતથી આઠ સર્જરી થઈ રહી છે.

## વડોદરા રેલ્વે યાર્ડમાં મેમુના ત્રણ ખાલી ડબ્બામાં આગ લાગતા હડકંપઃ મોટી જાનહાની ટળી



વડોદરા,
મુસીબતોનું હબ બનેલા ગુજરાતના માથે આજે એક મોટી દુર્ઘટના ટળી હતી. આજે વડોદરા રેલવે યાર્ડમાં મેમુમાં મોટી દુર્ઘટના ટળી હતી. વડોદરા રેલવે યાર્ડમાં મેમુના ૩ ખાલી ડબ્બામાં વિકરાળ આગ લાગતા હડકંપ મચી જવા પામ્યો હતો. જોતજોતામાં આગે ત્રણેય ડબ્બાઓને પોતાની ઝપેટમાં લઈ લીધા હતા.

આ ઘટનાની જાણ ફાયરબ્રિગેડને કરાતા રેલવે સ્ટાફ-ફાયરબ્રિગેડે આગ પર કાબૂ મેળવ્યો હતો. પરંતુ જ્યાં સુધીમાં આગ પર કાબૂ મેળવવામાં આવે ત્યાં સુધીમાં ૩ બોગીઓ બળીને ખાખ થઈ ગઈ હતી. આગ લાગવાનું કારણ કેબલ ટ્રિપ થતાં આગ લાગી હોવાની શક્યતા દર્શાવવામાં આવી રહી છે. આ દુર્ઘટનામાં હજી જાનહાનીનાં કોઈ સમાચાર મળ્યાં નથી. વડોદરા રેલવે યાર્ડમાં ઉભેલી મેમુ ટ્રેનને રાતે નવાયાર્ડ ખાતે મુકવામાં આવી હતી, અને આગની ઘટના વખતે તે યાર્ડમાં બંધ હાલતમાં હતી.

આ વિશે મળતી માહિતી પ્રમાણે આજે સવારે વડોદરા રેલવે યાર્ડમાં બંધ પડેલી મેમુ ટ્રેનમાં એકાએક આગ ફાટી નીકળી હતી. જેના કારણે ત્રણ ડબ્બાઓ આગમાં સ્વાહા થઈ ગયા છે. આ ઘટનાની જાણ તાત્કાલિક પોલીસ અને ફાયરબ્રિગેડને કરાતા કાફલો પહોંચ્યો હતો અને આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ લાગવાનું કારણ પહેલા તો અકબંધ હતું. પરંતુ જાણવા મળી રહ્યું છે કે કેબલ ટ્રિપ થતાં આગ લાગી હોવાની શક્યતા દર્શાવવામાં આવી છે. જો કે સદનસીબે આ ઘટનામાં મેમુ ટ્રેન યાર્ડમાં બંધ હતી, જેના કારણે મોટી ખુવારી રોકાઈ હતી. કોઈ જાનહાનીના સમાચાર સામે આવ્યાં નથી.

આ ઘટનાની માહિતી મળતા રેલવેના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. રેલવેના સ્ટાફ તથા ફાયર બ્રિગેડ દ્વારા આગને કાબુમાં લાવી દીધી છે. હાલ વડોદરા રેલવે ડીઆરએમ સહિતના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા છે. જીઆરપી, આરપીએફ પોલીસના અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચ્યા છે. પોલીસનાં જણાવ્યાં પ્રમાણે ટ્રેનનાં બંધ ડબ્બામાં આગ કઈ રીતે લાગી તે જાણવા માટે એફએસએલની મદદ લેવામાં આવશે. હાલ આ આગ લાગવા પાછળનું કારણ અકબંધ છે.

## તાઉ તે ઈફેક્ટઃ ઉત્તર ભારતમાં ભયંકર વરસાદ, દિલ્હીમાં તૂટ્યો ૩૫ વર્ષનો રેકૉર્ડ





ન્યુ દિલ્હી,
મહારાષ્ટ્ર અને ગુજરાતમાં પોતાનો કહેર બતાવ્યા બાદ તાઉ તે વાવાઝોડાની અસર ઓછી થઈ ગઈ છે. બંને રાજ્યોમાં આ વાવાઝોડાએ ભારે તબાહી મચાવી, પરંતુ વાવાઝોડું નબળું થયા બાદ આની અસર દિલ્હી અને ઉત્તર ભારતના રાજ્યોમાં જોવા મળી રહી છે. દિલ્હી સહિત એનસીઆરના વિસ્તારોમાં બુધવારથી જ વરસાદ થઈ રહ્યો છે, જે સતત ચાલું છે. વરસાદના કારણે તાપમાને પણ ગુલાંટી મારી, આવામાં વાવાઝોડાના કારણે વરસાદ જલદી આવવાના એંધાણ વર્તાવામાં આવી રહ્યા છે. હવામાન વિભાગ પ્રમાણે મેમાં દિલ્હીમાં ૩૫ વર્ષ બાદ આટલો વરસાદ થયો છે. દિલ્હીના સફદરજંગમાં ૨૪ કલાકમાં ૧૧૯.૩ મિલીમીટર વરસાદ થયો છે.

અરબ સાગરમાંથી ઉદ્ભવેલું વાવાઝોડું તાઉ તે પશ્ચિમી રાજ્યોમાં અસર દેખાડ્યા બાદ ઉત્તર ભારત પહોંચતા ધીમું થયું તો વરસાદ આવવા લાગ્યો. બુધવાર સવારથી શરૂ થયેલો વરસાદ ગુરૂવાર સુધી ચાલું રહ્યો. સ્થિતિ એ છે કે દિલ્હીમાં ગઈકાલે મહત્તમ તાપમાન ૨૩.૮ ડિગ્રી સુધી ગયું, જે મે ૧૯૫૧ બાદ મેના દિવસમાં રેકૉર્ડ થયેલું સૌથી ઓછું મહત્તમ તાપમાન છે. ભારતીય હવામાન વિભાગે પણ આની પુષ્ટિ કરી છે કે વાવાઝોડું તાઉ તેના કારણે જ દિલ્હી, એનસીઆર અને ઉત્તર ભારતના અન્ય રાજ્યોમાં હવામાને અચાનક વળાંક લીધો છે.

રાજસ્થાન, યૂપી, દિલ્હી, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડમાં થયેલા વરસાદ પાછળ તાઉ તે અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનો મેળ ખાવો છે, જેના કારણે સતત વરસાદ થઈ રહ્યો છે. ભારતીય હવામાન વિભાગે અનુમાન લગાવ્યું હતુ કે તાઉ તેના કારણે આ વર્ષે ચોમાસા પર કોઈ ફર્ક નહીં પડે, કેમકે વાવાઝોડું આવવા અને ચોમાસાના સમયમાં કંઈક અંતર છે. આવામાં આ વર્ષે પણ કેરળમાં ચોમાસું ૧ જૂન સુધી આવી શકે છે. જો કે આ ૩૦ અથવા ૩૧ મે સુધી આવવાની પણ સંભાવના છે, પરંતુ ઉત્તર ભારતમાં જે અત્યારે વરસાદ થયો તેની પાછળ પ્રી-મોનસૂન અને તાઉ તે જ મહત્વનું કારણ છે.

## કોરોના વચ્ચે બ્લેક ફંગસનો કેરઃ રાજસ્થાનમાં ૭૦૦ કેસ, મહારાષ્ટ્રમાં પણ હાહાકાર



જયપુર/મુંબઈ,
કોરોનાના પડકાર વચ્ચે બ્લેક ફંગસ બીમારીએ ચિંતા વધારી દીધી છે. દેશના કેટલાક રાજ્યમાં આ બીમારીના દર્દીઓની સંખ્યા વધવા લાગી છે. માત્ર રાજસ્થાનમાં જ બ્લેક ફંગસના ૭૦૦થી વધુ કેસ છે અને એવામાં રાજ્ય સરકાર સાવચેત બની ગઈ છે.

રાજસ્થાનમાં બ્લેક ફંગસને મહામારી જાહેર કરવામાં આવી છે, જ્યારે મુખ્યમંત્રી અશોક ગહેલોતે અધિકારીઓને જરૂરી એક્શન લેવાના આદેશ આપ્યા છે. આખા રાજ્યમાં કુલ ૭૦૦ કેસ છે જ્યારે માત્ર એક જ હોસ્પિટલમાં બ્લેક ફંગસના ૧૦૦થી વધુ દર્દી છે.

માત્ર રાજસ્થાન જ નહી પણ કેટલાક રાજ્યમાં પણ બ્લેક ફંગસે ચિંતા વધારી છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધી આ બીમારીને કારણે ૯૦ દર્દીઓનો જીવ ગયો છે. ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ અને દિલ્હી જેવા રાજ્યોમાં પણ નિયમિત સમયે બ્લેક ફંગસના દર્દી મળી રહ્યા છે.

મહારાષ્ટ્રમાં આશરે બે હજારથી વધુ કેસ દર્જ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે ખુદ આ મુદ્દા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે બેઠકમાં ઉઠાવી શકે છે. મહારાષ્ટ્રે કેન્દ્રને અપીલ કરી છે કે તુરંત દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે. મહારાષ્ટ્રની સ્થિતિનો અંદાજો આ વાત પરથી લગાવી શકાય છે કે બારામતીમાં મ્યુકરમાઈકોસિસ તપાસ કેમ્પ લગાવવામાં આવ્યા છે, જ્યા ૪૦૦ લોકોની તપાસ થઈ હતી જેમાંથી ૧૬ લોકો સંક્રમિત નીકળ્યા હતા.

જો પાટનગર દિલ્હીની વાત કરીએ તો સર ગંગારામ હોસ્પિટલમાં બ્લેક ફંગસથી સૌથી વધુ ૪૦ કેસ સામે આવ્યા છે, મેક્સ હોસ્પિટલમાં ૨૫ કેસ સામે આવ્યા છે. જ્યારે એમ્સમાં આશરે ૨૦ અને મૂલચંદ હોસ્પિટલમાં બ્લેક ફંગસનો એક કેસ સામે આવ્યો છે.

### ૨૪ કલાકમાં ૨.૭૬ લાખ કેસ, ૩.૬૮ લાખ લોકો સ્વસ્થ થયા

## દેશમાં કોરોનાના નવા કેસોમાં સતત ઘટાડોઃ ૪ હજારથી ઓછા મોત

ન્યુ દિલ્હી,
ભારતમાં કોરોનાના કેસ ભલે ૧૯મી મેના રોજ પર ૩ લાખની નીચે રહ્યા હોય પરંતુ તેમાં છેલ્લા ૩ દિવસથી વધારો થઈ રહ્યો છે. બુધવારે દેશમાં વધુ ૨.૭૬ લાખ નવા કેસ નોંધાયા છે, આ પહેલા મંગળવારે ૨.૬૭ લાખ અને સોમવારે ૨.૬૩ લાખ નવા કેસ નોંધાયા હતા. બીજી તરફ મૃત્યુઆંકમાં ૭૦૦ જેટલો ઘટાડો નોંધાયો છે. ભારતમાં કોરોના વાયરસના ૨૪ કલાકમાં નોંધાયેલા કોરોનાના કેસની સંખ્યા ગઈકાલે નોંધાયેલા કેસ કરતા વધુ નોંધાઈ છે. જોકે, ભારતમાં ૨૪ કલાકમાં સાડા ત્રણ લાખથી વધારે દર્દીઓએ કોરોનાને હરાવ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા પ્રમાણે ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૨,૭૬,૦૭૦ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૩,૮૭૪ દર્દીઓએ કોરોના સામે દમ તોડ્યો છે. ગઈકાલે આ આંકડો સાડા ૪ હજારને પાર કરીને ૪,૫૨૯ નોંધાયો હતો. ભારતમાં નવા કેસમાં ઘટાડો અને સાજા થનારા દર્દીઓની સંખ્યા વધુ મોટી નોંધાતા એક્ટિવ કેસમાં ઝડપથી ઘટાડો નોંધાઈ રહ્યો છે.

ભારતમાં કોરોનાના કુલ કેસનો આંકડો ૨,૫૭,૭૨,૪૦૦ થઈ ગયો છે. ૨૪ કલાકમાં દેશમાં કોરોનાને વધુ ૩,૬૯,૦૭૭ દર્દીઓએ હરાવ્યો છે જેની સાથે કુલ સાજા થયેલી દર્દીઓની સંખ્યા ૨,૨૩,૫૫,૪૪૦ સાથે સવા બે કરોડની નજીક પહોંચી ગઈ છે. ભારતમાં ૩,૮૦૦થી વધુ દર્દીઓના કોરોના સામે મોત થયા કુલ મૃત્યુઆંક ૨,૮૭,૧૨૨ થઈ ગયો છે.

કોરોનાના એક્ટિવ કેસમાં થઈ રહેલો ઘટાડો બીજી લહેર સામે મળી રહેલી જીતનો સંકેત આપી રહી છે. પાછલા ૨૪ કલાકમાં નોંધાયેલા નવા કેસ અને સાજા થયેલા દર્દીઓની સંખ્યા પછી દેશમાં એક્ટિવ કેસોની સંખ્યા ૩૧,૨૯,૮૭૮ પર પહોંચી ગઈ છે.

દેશમાં ૧૬ જાન્યુઆરીએ શરુ થયેલા રસીકરણ અભિયાનમાં અત્યાર સુધીમાં કુલ ૧૮,૭૦,૦૯,૭૯૨ ડોઝ આપવામાં આવ્યા છે.

આઈસીએમઆર મુજબ ૧૯ મે સુધીમાં દેશમાં કોરોના વાયરસની તપાસ માટે કુલ ૩૨,૨૩,૫૬,૧૮૭ સેમ્પલ લેવામાં આવ્યા છે, જેમાંથી ગઈકાલે ૨૦,૫૫,૦૧૦ સેમ્પલ લેવામાં આવ્યા છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
☛ છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
☛ હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
☛ મોં પર માસ્ક પહેરવાનું રાખો.
☛ સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
☛ જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
☛ શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.
કાગદી બુરહાન કલીમુદ્દી
મુ. ઝાબુ, તા. ધાનપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
☛ છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
☛ હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
☛ મોં પર માસ્ક પહેરવાનું રાખો.
☛ સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
☛ જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
☛ શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.
અંકુર સખી મંડળી
મુ. રામપુર, તા. ધાનપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
☛ છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
☛ હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
☛ મોં પર માસ્ક પહેરવાનું રાખો.
☛ સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
☛ જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
☛ શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.
મંડોરવાલા મહંમદી સૈફુદ્દીન
મુ. મંડોર, તા. ધાનપુર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૬૮ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે.




મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૯ પુરૂષ, કડાણા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૫ સ્ત્રી, ૧૫ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૫ સ્ત્રી, ૧૦ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૬ પુરૂષોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૦-૦૫-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૭૦૨૮ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૭ સ્ત્રીં, ૧૧ પુરૂષ, કડાણા તાલુકાની ૦૮ સ્ત્રી, ૧૫ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૮ સ્ત્રી, ૧૦ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૭ સ્ત્રી, ૨૦ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૧૫ સ્ત્રી, ૧૨ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૭ સ્ત્રી, ૧૦ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૫૯૬૨ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૨૭૦૦૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૬ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ-લુણાવાડા, ૫૮૫ દર્દી હોમ આઇસોલેશન, ૫૦ દર્દી એસ.ડી.એચ.સંતરામપુર, ૮૦ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૨૬૨ દર્દી પ્રાઇવેટ હોસ્પિટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૮૨૧ દર્દીઓ સ્ટેબલ, ૧૬૦ દર્દીઓ ઓક્સિજન પર અને ૧૨ વેન્ટીલેટર પર છે.

### મહીસાગરમાં આજે કોરોનાના કેસની સંખ્યા

બાલાસીનોર-૧૩
કડાણા-૪
ખાનપુર-૦૬
લુણાવાડા-૨૦
સંતરામપુર-૧૫
વિરપુર-૧૦

# લુણાવાડા ખાતે કાર્યરત કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે ઓક્સિજન પ્લાન્ટ શરૂ

લુણાવાડા,
કોવિડ-૧૯ ની વૈશ્વિક મહામારીને અનુલક્ષીને મહીસાગર જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતિમાં કોરોના પોઝિટીવ દરદીઓની સારવારમાં ઓકિસજનની જરૂરીયાતવાળા દરદીઓ માટે જિલ્લામાં પૂરતાં પ્રમાણમાં ઓકિસજનના જથ્થાની ઉપલબ્ધિ માટે મહીસાગર જિલ્લા કલેક્ટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્ર સતત પ્રયત્નશીલ રહ્યાં છે. પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડની ગ્રાન્ટમાંથી જિલ્લાની કોવિડ-૧૯ હોસ્પિટલ લુણાવાડાને પી.એસ.એ ઓક્સિજન પ્લાન્ટ ફાળવણી કરવામાં આવી હતી. આ ઓક્સિજન પ્લાન્ટ સફળતા પૂર્વક ઈન્સ્ટોલેશન થઇ જતાં આ ઓક્સિજન પ્લાન્ટ નું આજ રોજ સાંસદ રતનસિંહ રાઠોડ, લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવકની ઉપસ્થિતિમાં ખૂલ્લો મુકીને તેને કાર્યરત કરાયો છે.


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

પંચમહાલ સાંસદ રાઠોડે જણાવ્યું હતું કે, કોરોના વાયરસની વૈશ્વિક મહામારીથી સમગ્ર વિશ્વ પરેશાન છે. આ વાયરસની બીજી લહેરમાં કોરોના સંક્રમણ આપણા જિલ્લામાં પણ વધ્યું છે ત્યારે આ કોરોના સંક્રમણ અટકાવવા તેમજ લોકોને મદદરૂપ થવા કોરોનાના કપરા સમયમાં કોરોના સંક્રમિત દર્દીઓને સૌથી મોટી જરૂરીયાત ઓક્સિજનની પડે છે. જે દર્દીઓને ઓક્સિજનની અછતના કારણે જે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો જે પ્લાન્ટ કાર્યરત થવાથી જરૂરીયાતને પહોંચી વળતાં મહીસાગર જિલ્લા માટે આ પી.એસ.એ ઓકિસજન પ્લાન્ટ રાહતરૂપ બનશે. આ કોટેજ હોસ્પિટલ ખાતે નિર્માણ પામેલ પી.એસ.એ પ્લાન્ટ હવામાંથી ઓક્શિજન ઉત્પાદન કરશે અને કાયમી ધોરણે આ પ્લાન્ટ ચાલું રહેશે. જેથી આગામી સમય માં કોવિડ દરદીઓ માટે ખુબ જ ઉપયોગી સાબિત થશે.

મહીસાગર જિલ્લા આરોગ્ય અધિકારી એસ.બી. શાહના જણાવ્યા અનુસાર આ પ્લાન્ટ દ્વારા પ્રતિ મીનીટ ૧૪૦ લીટરની સ્પીડથી ઓક્સિજનનું ઉત્પાદન કરશે. તેમાં ૫૦૦ લીટરની ઓક્સિજન સ્ટોરેજ કેપેસીટી છે. લુણાવાડા ડેડીકેટેડ કોવિડ હોસ્પિટલ ખાતે હાલમાં આ પ્લાન્ટ દ્વારા ૧૭ જેટલાં બેડને ઓક્સિજનનો પુરવઠો ઉપલબ્ધ થશે. જેથી હોસ્પિટલ પર પડતો ઓક્સિજન પુરવઠા નો ભાર ઓછો થશે.

# મહીસાગર જિલ્લા તંત્રનો નવતર અભિગમ : રોજની ૧૦૦૦ VTM મીડીયા ટ્યુબ બનાવવામાં આવે છે

લુણાવાડા,
આરોગ્ય સેવામાં કોરોના વોરિયર્સ બનીને કોરોનાનીકપરી પરિસ્થિતિમાં કામ કરતાં કર્મયોગીઓ વિષમ પરિસ્થિતિમાં પણ પોતીકા ભાવ થી ગુણવતા જાળવણી સાથે સમય અને ખર્ચ બચાવવામાં પણ અગ્રેસર રહે છે. ત્યારે મહીસાગર જિલ્લાની આરોગ્ય ટીમના આવા વિશેષ પ્રયાસો ધ્યાનાકર્ષક જન સેવામાં ઉપયોગી બની રહયાં છે. જિલ્લા મથક લુણાવાડા જનરલ હોસ્પિટલ ખાતે કોરોના અંગે આર.ટી.પી.સી.આર લેબની શરૂઆત થઇ ચુકી છે. ત્યારે કોરોના સામેના જંગમાં મહીસાગર જિલ્લા કક્ષાએ ઉચ્ચગુણવત્તાયુકત આર.ટી.પી.સી.આર ટેસ્ટ માટે ઉપયોગમાં લેવાતી વી.ટી.એમ. (વાયરલ ટ્રાન્સપોર્ટ મીડીયા) ટ્યુબના નિર્માણનો જિલ્લા તંત્રનો નવતર અભિગમ નોંધનીય બન્યો છે.



મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીએ જિલ્લાના આરોગ્ય વિભાગના પ્રસંશનીય પ્રયાસોને બિરદાવતા જણાવ્યું હતુંકે, જિલ્લામાં ગત સપ્તાહથી આર.ટી.પી.સી.આર લેબ શરૂ થઇ છે. અગાઉ આ ટેસ્ટ માટે વડોદરા અને અન્ય સ્થળોએ સેમ્પલ મોકલવામાં આવતા હતા. જેમાં પરીણામ આવતા સમય લાગતો હતો.પણ હવે જિલ્લામાં જ લેબની શરૂઆત થતાં નિયત સમયમાં ટેસ્ટનું પરીણામ આવી જાય છે. અને દિવસ દરમ્યાન હાલમાં ત્રણ બેચમાં ૨૭૦ જેટલા આર.ટી.પી.સી.આર ટેસ્ટનું પરીણામ મેળવી શકાય છે. વધુમાં તેમણેનવતર અભિગમ સાથે વી.ટી.એમ. મીડીયા ટ્યુબના જિલ્લા કક્ષાએ શરૂ કરવામાં આવેલા નિર્માણની સુંદરકામગીરી અંગે ખુશી વ્યક્ત કરતા રોજના ૧૦૦૦ વી.ટી.એમ. મીડીયા ટ્યુબ બની રહી છે. જેનાથી ગુણવત્તા, સમયની બચતની સાથે સાથે ખર્ચમાં પણ ઘટાડો થયો છે. લેબ ટેકનીશીયન વંદનાબેનના જણાવ્યા અનુસાર આર.ટી.પી.સી.આર ટેસ્ટ માટે ઉપયોગમાં લેવાતી વી.ટી.એમ. મીડીયા ટ્યુબ બનાવવા માટે ની કામગીરીજિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી એસ.બી.શાહના માર્ગદર્શનમાં વડોદરા ખાતે ટેકનીશીયન ટ્રેનીંગ મેળવી મહીસાગર જિલ્લા પંચાયત કચેરી ખાતે શરૂ કરવામાં આવી છે. આ ટ્યુબ બનાવવામાં૧૦.૭૯ ગ્રામ, ફોસ્ફટ બફર સલાઈન પાઉડર ૧ લીટર ડીસ્ટીલ વોટરમાં મિશ્રણ કરીને ગેસ પર ૪-૫ મિનિટ ગરમ કર્યાબાદ ૧૨૧ ડીગ્રી સેલ્સિયસ પર ૧૫ આઇ.બી.એસ પ્રેસર પર ઓટોકલેવમાં ૧૫ મિનિટ માટે સ્ટરીલાઇઝ કરવામાં આવે છે. ત્યાર બાદ મિશ્રણને લેમિનાર એર ફલોમાં મૂકી ૭.૦ એમ.એલ જેન્ટામાઈસીન અને ૨૦ એમ.એલ બેન્ઝાઇલ પેનીસીલીન ઈન્જેક્શન ઉમેરી તૈયાર થયેલ મીડિયાને ૧૫ એમ.એલ સ્ક્યુ કેપ ટ્યુબ માં ૩.૦ એમ.એલટ્રાન્સફર કરીતૈયાર થયેલ વી.ટી.એમ.ટ્યુબ ને ફ્રીઝ માં ૨-૮ ડીગ્રી પર સ્ટોર કરવામાં આવે છે. મહીસાગરજિલ્લામાં રોજના ૩.૦ લીટર મીડિયા બનાવવામાં આવે છે જેમાંથી આશરે ૧૦૦૦ ની આસપાસ વી.ટી.એમટ્યુબ બને છે.

અગાઉ સરકાર દ્વારા ૧ વી.ટી.એમ ટ્યુબ અંદાજે ૭૦ થી ૮૦ રૂપીયાનો ખર્ચ થતો હતો. જે હવે જિલ્લા કક્ષાએ અંદાજીત ૨૫ થી ૩૦ રૂપીયાના ખર્ચમાં તૈયાર થાય છે. જેના થકી પ્રતિદિન અંદાજીત પચાસ હજાર રૂપિયા સુધીની બચત થાય છે.મહીસાગર જિલ્લા આરોગ્ય વિભાગના આ નવતર અને પ્રસંશનીય અભિગમના પગલેસરળતાથી ગુણવત્તા યુક્ત જરૂરી માત્રામાં સમયસર વી.ટી.એમ. ટ્યુબ મળતા કોરોના અંગે આર.ટી.પી.સી.આર ટેસ્ટની કામગીરીઝડપી અને સરળ બની છે.

# શ્વેતાંબર જૈન સંઘ ગોધરા દ્વારા બીજીવાર ગોધરા સિવિલ હોસ્પિટલને જરૂરી દવાઓ અને ઈન્જેકશનના જથ્થાનું દાન


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
કોરોના મહામારીમાં એક તરફ નકલી રેમડીસીવર બનાવનાર અને વેચનાર અસુરો છે. ત્યારે ઓકિસજન અને અન્ય જરૂરી પદાર્થોનું કાળા બજારી કરતા નિર્દયી લોકો પણ છે. ત્યારે આવા સમયે કોવિડ સેન્ટરોમાં નિઃશુલ્ક દવા, ઈન્જેક્શન, ટિફિન સેવા, ફળો અને અન્ય જરૂરી મદદ કરનાર વ્યક્તિઓ કે ગ્રુપમાં અનેક વિવિધ જ્ઞાતિના લોકો, સમાજ યથાશક્તિ કામ કરતા નજરે જોઈએ છીએ. ત્યારે કોરોના ની આ મહામારીમાં એક પણ જીવ બચાવી શકીએ તો અમારૂ જીવન સાર્થક એવા શુભ ઉદ્દેશ્ય સાથે જૈન સમાજના ગુરૂજૈનાચાર્ય શ્રી શીલચંદ્રસુરીશ્વરજી મહારાજની માનવતા માટેની પહેલ પર સમાજના લોકોએ યથાશક્તિ મોટી રકમ એકત્ર કરી હતી. તેમજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ ગોધરા દ્વારા એક જ અઠવાડિયામાં બીજી વાર ગોધરા સિવિલ હોસ્પિટલને જરૂરી દવાઓ અને ઈન્જેક્શન આપી હોસ્પિટલને સહાય કરી હતી. સમાજના અગ્રણીઓ જયંતીલાલ શેઠ ભાવનગરીવાળા, ક્ષુલ્લકભાઈ ગાંધી, સુરેશભાઈ શાહ, ડો.નિશાંત શેઠ,અશોકભાઈ દોશી, રાહુલભાઈ દવાવાળા, જયેશભાઈ, કલ્પેશભાઈ બકુલભાઈ, દીપેશ, ફેનીલ,અર્પણ, પિન્ટુ વગેરે એ ખૂબ જ ઝડપથી ફંડ એકત્રિત કરી દવા અને ઈન્જેકશન મેળવ્યા હતા અને દવા-ઈન્જેકશન ના જથ્થા ને તા.૧૮/૫ ના રોજ પંચમહાલ જિલ્લા કલેકટર અમિત અરોરા અને જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકી ના હસ્તક આપ્યા હતા. જેઓએ આ સહાય કાર્યને ખૂબ જ ઉત્તમ ગણાવ્યું હતું. જૈન સમાજ દ્વારા ગત વર્ષે લોકડાઉનના સમયગાળામાં પરવડી ખાતે આવેલા પાંજરાપોળ ખાતે વિશાલ સામીયાણો બાંધી રાજ્યના તેમજ આંતર રાજ્યના મુસાફરો ને દવા સારવાર તેમજ જમવા, રહેવા અને આરામની વ્યવસ્થા કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું.જૈન સમાજે ત્રણ જેટલા ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન વસાવેલા છે. જે જરૂરિયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે આપવામાં આવશે.

# વિરપુરના તાઉ-તે વાવઝોડાથી ૩૫ જેટલા મકાનોને નુકસાન

વિરપુર,
વિરપુર તાલુકામાં તૌકતેની અસર જોવા મળી હતી. પવનના સુસવાટા સાથે ભારે વરસાદ પડ્યો હતો. તાલુકામાં છેલ્લા ત્રણ દિવસથી ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. જેના કારણે તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના રહેણાંક મકાનોને અને બાજરીના પાકોને ભારે નુકસાની થયા હોવાના અહેવાલો મળ્યા છે. તાલુકાના ૩૨ ગ્રામ પંચાયત પૈકી મોટાભાગની ગ્રામ પંચાયતોમાં રહેણાંક મકાનો તૌકતે વાવાઝોડાની અસર થઈ હોવાનુ જાણવા મળ્યુ છે. ત્યારે વિજ વિભાગની વાત કરીએ તો વાવાઝોડાને કારણે વીજ પુરવઠો ખોરવાયો હતો. જેના પગલે લોકોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. તાલુકાના ૩૫ જેટલા ગામડાઓમાં મકાનોને નુકસાન થયાની સંબંધિત તંત્ર દ્વારા જાણવા મળી રહ્યુ છે. કમોસમી વરસાદ પડતા બાજરીના પાકને ભારે નુકસાની થઈ હોવાનુ ખેતીવાડી વિભાગ દ્વારા જાણવા મળ્યુ છે. જયારે તાલુકામાં હાલ બાજરીનુ વાવેતર ૬૩૨ હેકટર કરવામાં આવ્યુ છે જેમાં ૧૩૨ જેટલા હેકટરના વાવેતરમાં નુકસાની થઈ હોવાનુ ખેતીવાડી વિભાગ દ્વારા જાણવા મળ્યુ છે. વાવાઝોડાની અસર મોબાઈલ ટાવર પર પણ વર્તાઈ હતી. જેને કારણે ટાવરો બંધ જોવા મળ્યા હતા. તાલુકામાં ૨૧ વીજ થાંભલાઓ જમીનદોસ્ત થઈ જતા વીજ કર્મીઓની વિવિધ ટીમો કાર્યરત થઈ હતી.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૨૧-૦૫-૨૦૨૧, શુક્રવાર, વૈશાખ સુદ-૯, સૂર્યોદય-૫-૨૭, સૂર્યાસ્ત-૭-૦૮, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ પૂર્વ ફાલ્ગુની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# શહેરાના મીઠાલી ગામના વતની અને પોલીસ વિભાગમાં ફરજ બજાવતા આશિષ પટેલનું કોરોનાથી નિધન


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરાના મીઠાલી ગામના પોલીસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા આશિષ પટેલનું તાજપુરા કોવિડ સેન્ટર ખાતે નિધન થતા પોલીસ પરીવારમાં ઘેરો શોક છવાયો હતો. કોરોનાના કહેર વચ્ચે ફરજ બજાવતા પોલીસ કર્મીઓ માટે વીમા કવચ હોવું જોઈએ પણ સરકાર આ માટે શુભ મુહુર્ત ની રાહ દેખી રહયું છે. શહેરા સહિત જીલ્લામાં કોરોના વાયરસ કહેર વરસાવી રહ્યો છે. જેમા પોલીસ કર્મચારીઓ પણ કોરોના ના સંક્રમણ થી બચી શક્યા નથી. ત્યારે પંચમહાલ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ આશિષ કુમાર પટેલનું તાજપુરા કોવિડ કેર સેન્ટર ખાતે સારવાર દરમિયાન કોરોનાથી મોત નિપજ્યું હતું. શહેરા તાલુકાના મીઠાલી ગામના વતની આશિષ પટેલ ૨૦૦૯ની સાલથી ગુજરાત પોલીસમાં જોડાયા હતા. તેઓ ગોધરા બી ડિવીઝન, દામાવાવ પોલીસ મથક, જાંબૂઘોડા પોલીસ મથકમાં ફરજ બજાવી હતી. જયાંથી તેઓને પ્રોહીબીશન કેસમાં સ્ટેટ વિજિલન્સ દ્વારા ફરજ મોકૂફ કરાયા હતા. કોરોનાના કારણે તેમનું મોત થતા પોલીસ બેડામાં ઘેરો શોક છવાયો હતો. કોવિડ હોસ્પિટલ ખાતે પોલીસે ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. મરણ ગયેલ આશિષ પટેલ પત્નિ, પુત્રીઓ તેમના દોઢ માસના પુત્રને વિલાપ કરતા મૂકી ગયા હતા. કોરોના ના કહેર વચ્ચે પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિત પોલીસ કર્મીઓ ગંભીર પરિસ્થિતિ વચ્ચે પણ પોતાની નૈતિક ફરજ બજાવતા હોય છે. પોલીસ કર્મીઓ કોરોના સંક્રમિત થવા સાથે મોતને પણ ભેટી રહયા હોય ત્યારે રાજ્ય સરકાર દ્વારા પોલીસ કર્મીઓ માટે મેડિકલ વીમા કવચ તેમજ દસ લાખ સુધીનો વીમો આપવામાં આવે તે જરૂરી છે. રાજ્ય સરકાર દ્વારા ફરજ બજાવતા પોલીસ કર્મીઓ ને વીમા સહિત સુવિધા મળે તે માટે ક્યારે વિચારશે તે તો જોવું જ બન્યું છે. હાલ તો કોરોના ની બીજી લહેરમાં પોલીસ કર્મીઓ કોરોના સંક્રમિત થવા સાથે મોતને ભેટી રહયા હોય ત્યારે રાજ્ય સરકાર એ આ બાબતને ગંભીરતાથી લેવાની જરૂર છે.

# મોરવા(હ)ના વાડોદર પાસે ભરી જતી ટ્રકને વીજ વાયર અડકી જતાં ક્લિનરનું મોત

શહેરા,
મોરવા(હ)ના વાડોદર રોડ ઉપર જેસીબી ભરીને જતી ટ્રકને વીજ લાઈન અડકી જતા ક્લિનરનુ કરંટ લાગતા મોત નીપજયું હતુ જયારે ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ભુરખલ ગામના ઉદાભાઈ કાળુભાઈ પરમાર અને ગોધરા તાલુકાના બોડીદ્રા બુઝુર્ગ ગામના સર્જનભાઈ આરતસિંહ બારીયા બંને જણા સોનગઢ વ્યારાથી ટ્રક નં.જીજે-૩૧-ટી-૧૫૫૯માં જેસીબી મશીન ભરીને મોરવા(હ)તાલુકાના વંદેલી ગામે જવા નીકળ્યા હતા. તે સમય દરમિયાન વાડોદર ઘંટીથી વંદેલી તરફ જતા રોડ ઉપરથી પસાર થતી વેળાએ ટ્રક જમ્પિંગ થતાં જેસીબી મશીનના બકેટનુ ડિપ્પર ભંડોઈ એગ્રિકલ્ચર ૧૧ કે.વી.વીજ લાઈનને અડકી ગયુ હતુ. જેને લઈને ટ્રક ઉભી રાખી સર્જનભાઈ બારીયા ક્લિનર સાઈડનો દરવાજો ખોલી નીચે ઉતરવા જતાં એકાએક વીજ વાયર અડકી જતા દરવાજા ઉપર કરંટ ઉતરતા સર્જનભાઈને કરંટ લાગતા નીચે ફેંકાઈ ગયા હતા. જેથી તેઓનુ ઘટના સ્થળે જ મોત નીપજયું હતુ. જયારે ટ્રક ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો.

# રેપીડ એન્ટીજન સરકારી કીટની ગેરકાયદેસર ઉપયોગમાં પકડાયેલ આરોપીના કોર્ટે જામીન નામંજુર કર્યા

ગોધરા,
કોરોના ટેસ્ટમાં ઉપયોગમાં લેવાતી રેપીડ એન્ટીજન કીટને કાળાબજારમાં વેચાણ કરવાના પ્રકરણમાં ગોધરા કોર્ટે આરોપી ની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરી હતી.

તાજેતરમાં એસ.ઓ.જી પોલીસ ના હાથે ગોધરા ટાઉન વિસ્તારના રાણી મસ્જિદની સામેની ગલીમાં મીઠીખાન મહોલ્લામાં રહેતો રિઝવાન અહેમદભાઈ જમાલ(વેજલપુર પી.એચ.સી. સેન્ટરનો કર્મચારી) જે પોતાના ઘરે ગેરકાયદેસર રીતે સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવેલ કોવિડ-૧૯ રેપીડ એન્ટીજન કીટ દ્વારા કેટલાક દર્દીઓનું કોરોના ટેસ્ટ અને રેપીડ ટેસ્ટ કરવાની કીટની કાળાબજારી કરતો પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે તેની પાસેથી ૧૩૫ નંગ કીટ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જે પ્રકરણમાં આજે ગોધરા કોર્ટના એડિશનલ સેશન્સ જજ બી.કે.બારોટ સમક્ષ આરોપીના વકીલે જામીન અરજી રજુ કરતા કોર્ટે જીલ્લા સરકારી વકીલ રાકેશ ઠાકોર ની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી ની જામીન અરજી ફગાવી દેતા જામીન અરજી નામંજુર કરી હતી.

# ગોધરા LCB પોલીસે સાંપારોડ ઉપર ચોરાયેલ સીમેન્ટની થેલીઓ સાથે બે ઈસમોને ઝડપ્યા



ગોધરા,
ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, ત્રણ ઈસમો અલ્ટ્રાટ્રેક કંપનીની સિમેન્ટની બેગો કોઈ જગ્યા એથી ભરી લાવીને કેપ્સુલ ફેક્ટરી કાંટા પાસે આવેલ નવા બનતા મકાનમાં સંતાડીને સગેવગે કરવાની પેરવીમાં છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી બે ઈસમોને સાંપા રોડ ઉપર ચોરી કરેલ સીમેન્ટ થેલીઓ સાથે ઝડપી પાડવામાં આવ્યા પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, સોયેબ અબ્દુલ રઉફ સબુરીયા (રહે. સાતપુલ મહમંદી સોસાયટી પાછળ), સોયેબ ફારૂક ચાંદા (રહે.ભુખરી પ્લોટ, અસરફી મસ્જીદ), સોહેલ અબ્દુલ રહીમ સુરતી ઉર્ફે દેડકી (રહે.મીઠીખાન મહોલ્લા) ભેગા મળીને અલ્ટ્રાટ્રેક કંપનીની સીમેન્ટની બેગો કોઈક જગ્યાએથી લાવીને કેપ્સુલ ફેક્ટરી કાંટા પાસે નવા બનતા મકાનમાં શંકાસ્પદ રીતે સંતાડી રાખીને સગેવગે કરવાની પેરવી કરી રહ્યા છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન અબ્દુલ સબુરીયા, સોયેબ ફારૂક ચાંદાને સીમેન્ટની બેગો સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. બન્ને ઈસમો પાસેથી પુરાવા માંગતા મળ્યા ન હતા. બન્ને ઈસમોની પુછપરછ દરળમ્યાન સાંપા રોડ દુકાનના ઓટલા ઉપર અલ્ટ્રાટ્રેક સીમેન્ટની બેગ ચોરી કર્યાની કબુલાત કરી હતી. જયારે સોહેબ અબ્દુલ રહીમ સુરતીની પુછપરછ દરમ્યાન બામરોલી રોડ ઉપર થી ચોરી કરેલ સ્વીફ્ટ કારની ચોરી કર્યાની કબુલાત કરી એલ.સી.બી. પોલીસે ચોરીના બે ગુના અનડીકેટ કર્યા છે.

# દૈનિક રાશીફળ

**તા.૨૧.૦૫.૨૦૨૧ શુક્રવાર**

મેષ (અ.લ.ઈ.) :- જુના કર્જમાં રાહત થવાની છે. ઉધારી ધંધો ઈચ્છનીય નથી તમારી શકિતઓને ઓળખો પ્રવાસ થાય.

વૃષભ (બ.વ.ઉ.) :- ભાઈ-બહેનોની સગાઈ કે લગ્નનું કાર્ય સફળ થવાનું નોકરીમાં કાર્યભાર રહેવાનો.

મિથુન (ક.છ.ઘ.) :- ભૌતિક સુખ સગવડતાઓ વધવાની છે. વિજાતીય મિત્રતા વધુ ગાઢ બને. પીરવારના સભ્યોની જરૂરીયાતો વધે.

કર્ક (ડ.હ.) :- માનસિક સ્થિતિ સારી રહે. જ રીયાતો વધવાની છે. જુની ઉઘરાણીમાંથી અમુક રકમ હાથમાં આવે.

સિંહ (મ.ટ.) :- વ્યર્થ દલીલબાજી ન કરવી ખર્ચ ઉપર કાબુ રાખવો તમારા સપના સાકાર થતા જોઈ શકશો.

કન્યા (પ.ઠ.ણ.) :- સમસ્યાઓનું નિરાકરણ એકમાત્ર તમારી સબબ મહેનત, કોઈ અંધશ્રધ્ધાને જીવનમાં સ્થાન ન આપતા.

તુલા (ર.ત.) :- દિવસ દરમ્યાન આવક કરતા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખજો નોકરીમાં ચીવટ રાખવી મિત્રોથી આર્થિક મદદ મલવાની.

વૃશ્ચિક (ન.ય.) :- તમારો આત્મવિશ્વાસ વધવાનો નોકરીમાં અનુકુળતા રહે. સાંજ પછીનો સમય વધુ લાભ કરતા રહે.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- અટકતા કાર્યને વેગ મલવાનો મિત્રો સાથે વ્યવસાયનું આયોજન થાય શેર સટ્ટાથી દૂર રહેજો.

મકર (ખ.જ.) :- નિર્ણયો બાબત સર્તકતા કેળવજો નવી યોજનામાં કોઈની સલાહ લેજો પરિવારના સભ્યોને સહકાર દેજો.

કુંભ (ગ.શ.સ.) :- માનસિક ટેન્શન દૂર થાય જુના મિત્રોની મુલાકાત લાભદાયક રહે. આવકનું પ્રમાણ વધવાનું.

મીન (દ.ચ.ઝ.) :- નોકીરમાં મનગમતી જગ્યા મેળવશો નવી ઓફર આવે સંતાનોની પ્રગતિ માટે શુભ દિવસ રહેવાનો.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દાહોદ જીલ્લામાં આજરોજ પર કોરોના પોઝીટીવ કેસ નોંધાયા




દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ કોરોનાના પર પોઝીટીવ કેસો નોંધાયાં છે. આજે કોરોનાથી વધુ એક દર્દીનું મોત નીપજ્યું છે ત્યારે આજે એકજ દિવસમાં ૬૦ દર્દીઓ રજા અપાતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

આર.ટી.પી.સી.આર.ના ૬૫૮ પૈકી ૨૦ અને રેપીટ ટેસ્ટના ૭૯૯ પૈકી ૩૨ મળી આજે કુલ પર કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ પર પૈકી દાહોદ અર્બનમાંથી ૧૮, દાહોદ ગ્રામ્યમાંથી ૦૫, ઝાલોદ અર્બનમાંથી ૦૧, ઝાલોદ ગ્રામ્યમાંથી ૧૦, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૨, લીમખેડામાંથી ૦૧, સીંગવડમાંથી ૦૨, ગરબાડામાંથી ૦૪, ધાનપુરમાંથી ૦૧, ફતેપુરામાંથી ૦૬ અને સંજેલીમાંથી ૦૨ કેસોનો સમાવેશ થાય છે. દાહોદ જિલ્લામાં આજે ૬૦ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. જિલ્લામાં છેલ્લા કેટલાંક દિવસોથી કોરોના સંક્રમણના કેસોમાં ઘટાડો નોંધાતાં જિલ્લાવાસીઓ સહિત વહીવટી તંત્રએ રાહતનો દમ લીધો છે. કોરોનાથી સાજા થતાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. હોસ્પિટલમાં બેડો ખાલી જોવા મળી રહ્યાં છે. લોકોને બેડો મેળવવા અગાઉ પડતી મુશ્કેલીનો હાલ સામનો કરવો પડતો નથી. દાહોદ જિલ્લામાં કોરોનાના કુલ કેસોની સંખ્યાં ૬૮૯૮ ને પાર થઈ ગઈ છે.

### દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા

**: અર્બન વિસ્તારો :**

દાહોદ-૧૮
ઝાલોદ-૦૧

**: ગ્રામ્ય વિસ્તારોમાં :**

દાહોદ-૦૫
ઝાલોદ-૧૦
દે.બારીયા-૦૨
લીમખેડા-૦૧
સીંગવડ-૦૨
ગરબાડા-૦૪
ધાનપુર-૦૧
ફતેપુરા-૦૬
સંજેલી-૦૨

## દેવગઢ બારીયા પાલિકામાં ઉપપ્રમુખ ની ખુરશી માટે દોડાદોડી

દે.બારીયા,

પ્રાપ્ત વિગતો મુજબ દેવગઢબારીયા નગરપાલિકા માં તાજેતર માં બે સભ્યો ને સરકારી જમીન માં ગેરકાયદેસર રીતે બાંધકામ કરવા બદલ જરૂરી કાગળોની પૂર્તિતા કરવા માટે સમય મર્યાદા આપવા છતાંપણ નહીં કરી શકતા આખરે તાત્કાલિક અસર થી સસ્પેન્ડ કરવાનો હુકમ ગાંધીનગર ની કચેરી દ્વવારા તા.૩૦/૪/૨૦૨૧ ના રોજ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, હાલમાં આ મામલે જેતે સદસ્યોં અપીલ પણ કરી શકે છે. અપીલમાં આ સદસ્યોં ગયા કે નહીં તે બાબત ની કોઈ સ્પષ્ટતા હજુ મળી નથી અને હવે ઉપપ્રમુખ ના અભરખા રાખનારા સભ્યો ગાડીઓના ટાયર ઘસી રહ્યા હશે.

પાલિકામાં સસ્પેન્ડ સભ્યોમાં આ બન્ને સદસ્યોં માં એક સદસ્ય હાલમાં પાલિકામાં ઉપપ્રમુખના હોદ્દા ઉપર બિરાજમાન હતા. જ્યારે પાલિકા પ્રમુખ પક્ષાંતર ધારામાં સસ્પેન્ડ થયા, ત્યારે તાત્કાલિન પ્રમુખ તરીકે ચાલુ ઉપપ્રમુખનાએ ચાર્જ સંભાળી લીધો હતો અને થોડા સમય પછી પાલિકા પ્રમુખની ખાલી પડેલી જગ્યા માટે દાહોદ જિલ્લા કલેક્ટર વિજય ખરાડીનાઓએ જાહેર કરતા પાલિકાના સભ્યો એ બિનહરીફ ડો. ચાર્મી સોનીને પ્રમુખની ખુરશીમાં સત્તારૂઢ કર્યા હતા અને છેવટે પાલિકા પ્રમુખની ખુરશી સરકારી નિયમ મુજબ પોતે આપી દીધી હતી.

પરંતુ હાલમાં દેવગઢબારીયા પાલિકામાં ઉપપ્રમુખની ખુરશી ખાલી થવાના એંધાણની સાથે જ પાલિકાના ઉપપ્રમુખ બનવા માટે કેટલાક નવા બિનઅનુભવી સદસ્યો રાજકીય ઓથ લઈ રહ્યા હોવાની ખાનગી માહિતી મળી છે. અગાઉ સત્તા ભોગવી ચૂકેલા સદસ્યોં ને ઉપપ્રમુખ ની ખુરશી ની કંઈ પડી નથી પણ બીજા નવા ચહેરા પાલિકાના ઉપપ્રમુખ બનવા માટે પાલિકાના પીઢ રાજકારણીયો પાસે આંટા મારી રહ્યા છે. દેવગઢબારીયા પાલિકામાં પણ જાણે કે કોરોના વાઈરસનું થોડુંઘણું ગ્રહણ લાગ્યું હોય તેમ પાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખની ખુરશી માટે ટૂંકા સમયમાં અવારનવાર ખુરશીની દિશા અને ચેમ્બર પણ બદલાતી હોય છે. જ્યારે પાલિકામાં ત્રણ સભ્યોની ખાલી પડેલી જગ્યા માટે હજુ કોઈ ચૂંટણીની સત્તાવાર તારીખ પણ જાહેર થઈ નથી. ત્યાં નવા સભ્ય બનવા માટે પણ વોર્ડ માં નવા નેતાઓ પોતાની ઉમેદવારી કરવાના કામમાં લોક સંપર્કમાં પણ જોડાઈ ગયા છે પણ છેવટે તો જુના જોગીઓ વગર વોર્ડમાં જીતવું અઘરૂં છે.

આમ, દેવગઢબારીયા પાલિકાના ઉપપ્રમુખની ખુરશી માટે રાજકીય દાવપેચ નવા બિનઅનુભવી અને નવા સભ્યો ખેલી રહ્યા છે પણ હવે જોવાનું એ રહ્યું કે ઉપપ્રમુખનો તાજ કોના શિરે મળશે.

## દે.બારીયાના મોટીઝરી ગામે સબ સેન્ટર ઉપર આરોગ્ય ખાતાની મનમાની થી થતી કામગીરી સામે ગ્રામજનોમાં રોષ

દે.બારીયા,

દેવગઢબારીયા તાલુકામાં પણ કોરોના વાઈરસ લોકો ને ભરખી રહ્યો છે. કેટલાય લોકો હજુપણ દવાખાને સારવાર લઈ રહ્યા છે અને કોઈપણ ગામમાં કોરોના સંક્રમિત લોકોનો કોઈ આંકડો હજુ આરોગ્ય ખાતા પાસે પણ નથી. જેનું કારણ એ છે કે, આરોગ્ય ખાતાની ટીમ ગામડામાં જોઈએ તેટલી સક્રિય નથી. દેવગઢબારીયા તાલુકામાં મોટાભાગના ગામડામાં સબ સેન્ટર સરકાર ના આરોગ્ય વિભાગ દ્વવારા ખોલવામાં આવ્યા છે, પણ ત્યાં દવા ગોળી લેવા જતા દરવાજા ઉપર કટાઈ ગયેલા તાળા જોવા મળતા હોય છે. આ સબ સેન્ટર કોના આશીર્વાદ થી રામ ભરોસે ચાલે છે. તે ગામડાની અભણ પ્રજાને ક્યાંથી ખબર હોય.

દેવગઢબારીયાના મોટીઝરી ગામના સબ સેન્ટર ઉપર આનાથી ઉલટું છે. સબ સેન્ટર ખુલ્લું હોય છે પણ જવાબદાર નર્સ હાજર નહીં મળતા દર્દીઓને દવા ગોળી વગર ઘરે પરત જવું પડતું હોય છે. આ નર્સ ક્યારે આવે છે અને ક્યારે જાય છે. તે કોઈ સમય નક્કી હોતો નથી અને જો ફરજ ઉપર હાજર હોય છે. તો ફોન જાણે કે રમકડું હોય તેમ મોબાઈલમાં સતત મશગુલ હોય છે. દર્દીઓ સાથે ઘણીવાર અણછાજતું વર્તન કરાતું હોય છે.

આમ, મોટીઝરી ગામ ખાતે આવેલ સબ સેન્ટર ઉપર દર્દીઓ ને સમયસર દવા મળી રહે તે માટે આરોગ્ય વિભાગ જોગવાઈ કરે તે જરૂરી છે.

## પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં NFSA હેઠળના રાશનકાર્ડ ધારકોને નિઃશુલ્ક અનાજ વિતરણ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

કોરોનાની બીજી લહેરમાં આંશિક લોકડાઉનને કારણે ધંધા રોજગાર પર અસર થઈ રહી છે ત્યારે દાહોદ જિલ્લામાં ગત તા. ૧૧ મે થી નેશનલ ફૂડ સેફટી એક્ટ હેઠળના રાશનકાર્ડ ધારકોને નિઃશુલ્ક અનાજ પહોંચતુ કરવામાં આવી રહ્યું છે. સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત મે અને જુન માસ માટે પાંચ કિલો અનાજ આપવામાં આવી રહ્યું છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધીમાં ૧.૪૦ લાખ કરતા વધુ રાશનકાર્ડ ધારક કુંટુંબોએ આ રાશન મેળવ્યું છે. મે મહિનાના અંત સુધીમાં ૨,૬૩,૪૫૮ રેશનકાર્ડ ધરાવતા કુંટુંબોને એટલે કે જિલ્લાના ૧૪,૮૭,૯૮૯ લોકોને આ યોજનાનો સીધો લાભ આપવામાં આવશે.

આ યોજના અંતર્ગત એનએફએસએ રેશનકાર્ડ ધરાવતા કુંટુંબોને વ્યક્તિદીઠ ૫ કિલો અનાજ નિઃશુલ્ક આપવામાં આવી રહ્યું છે. જેમાં ૩.૫ કિલો ઘઉં અને ૧.૫ કિલો ચોખા આપવામાં આવી રહ્યાં છે. અત્યાર સુધીમાં ૧,૪૦,૭૭૩ કુંટુંબો સુધી આ અનાજ પહોંચતું કરવામાં આવ્યું છે અને મે મહિનાના અંત સુધીમાં ૨૬૩૪૫૮ કુંટુંબો સુધી બે મહિનાનું અનાજ પહોંચશે.

આ ઉપરાંત અંત્યોદય કુંટુંબોને ૨૫ કિલો ઘઉં, ૧૦ કિલો ચોખા, ૧ કિગ્રા તુવેરદાળ, ૧ કિલો ખાંડ જેમાં ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ અને ૩ થી વધુ વ્યક્તિ દીઠ ૩૫૦ ગ્રામ રાહત દરે આપવામાં આવી રહી છે. ૧ કિલો આયોડાઈઝ મીઠું ૬ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ અને ૬ થી વધુ વ્યક્તિ હોય તો ૨ કિલો કાર્ડ દીઠ રાહત દરે ફાળવવામાં આવે છે. જયારે અગ્રતા ધરાવતા કુંટુંબને વ્યક્તિ દીઠ ૩.૫૦ કિલો ઘઉં, ૧.૫૦ કિલો ચોખા અને કાર્ડ દીઠ ૧ કિલો તુવેરદાળ રાહત દરે આપવામાં આવી રહી છે. આ ઉપરાંત તમામ બીપીએલ કાર્ડ ધારક કુંટુંબોને વ્યક્તિદીઠ ૩૫૦ ગ્રામ ખાંડ અને ૧ કિલો આયોડાઈઝ મીઠું ૬ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ અને ૬ થી વધુ વ્યક્તિ હોય તો ૨ કિલો કાર્ડ દીઠ રાહત દરે ફાળવવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં કુલ ૭૨૬૨૧ અંત્યોદય અને ૧૯૦૮૪૬ અગ્રતા ધરાવતા કુંટુંબો એમ કુલ ૨૬૩૪૫૮ નેશનલ ફૂડ સેફટી એક્ટ અન્વયેના રેશનકાર્ડ ધરાવતા કુંટુંબો છે જેમને આ મે મહિનાના અંત સુધીમાં મે અને જુન એમ બે માસ માટેનું રાશન નિઃશુલ્ક આપવામાં આવશે.

વ્યાજબી ભાવની દુકાનેથી આ અનાજ વિતરણ કોવીડ પ્રોટોકોલ મુજબ કરવામાં આવી રહ્યું છે. દુકાને કોઇ પણ પ્રકારની ભીડ ન થાય એ માટે અગાઉથી ટોકનની ફાળવણી કરવામાં આવે છે અને નિયત વ્યવસ્થા જાળવીને જ અનાજ વિતરણ કરવામાં આવે છે. દુકાને સેનિટાઈઝર, હેન્ડવોશ કે સાબુની વ્યવસ્થા કરવામાં આવી છે અને સામાજિક અંતરના પાલન સાથે જ લાભાર્થીઓને રાશન આપવામાં આવે છે.

## દાહોદ જિલ્લા આરોગ્ય વિભાગના NHM કર્મચારીઓના સામુહિક રાજીનામા મંજૂર કરાતા ખળભળાટ

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોના સામેનો જંગ ચાલી રહ્યો છે.જેમાં મુખ્ય યોદ્ધાઓ તબીબો અને આરોગ્યકર્મીઓ જ છે.બીજી તરફ આ તબીબી આલમે જ પોતાની વર્ષોથી પડતર માંગણીઓ સંતોષવા સરકારને અલ્ટીમેટમ આપી દીધુ હતુ.એનએચએમ ના આરોગ્ય કર્મીઓની માગણીઓ ન સંતોષાતા આજે રાજીનામા ધરી દીધા હતા.આ તમામના રાજીનામા મંજૂર કરી દેલામા આવ્યા છે. જેથી હાલ આ તમામ કોરોના યોદ્ધાઓ બેરોજગાર થઈ ગયા છે. જેથી રોષની લાગણી ફેલાઈ છે. દાહોદ જિલ્લામાં બીજી લહેરમાં કોરોનાએ કહેર મચાવ્યો છે. કારણ કે કોરોનાને કારણે મોટી સંખ્યામાં મૃત્યુ પણ થયા હોવાથી ઘણાં પરિવારોના માળા વિખેરાઈ ગયા છે. આ વખતે ગામડાઓમાં પણ ઘેર ઘેર કોરોનાના દર્દીઓ છે. જેથી કોરોના યુધ્ધ લડવા માટે આરોગ્યકર્મીઓ રાત દિવસ એક કરી રહ્યા છે. આ જંગ દરમિયાન કેટલાયે કોરોના વોરિયર્સ કોરોનામાં સપડાઇ ચુક્યા છે. ત્યારે હવે આવા કોરોના વોરિયર્સે જ સરકાર સામે રણશિંગુ ફૂંક્યુ છે. રાજ્ય સરકારમાં આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતાં સરકારી તબીબોએ પણ પોતાાની પડતર માંગણીઓ પૂર્ણ કરવા માંગ કરી છે. દરેક જિલ્લામાં આવેદન પત્રો આપવામાં આવ્યા છે. ત્યારે આ મડાગાંઠ ઉકલે તે પહેલાં જ નેશનલ હેલ્થ મિશનમાં ફરજ બજાવતાં તમામ આરોગ્યકર્મીઓએ તો સરકારને આલ્ટીમેટમ જ આપી દીધુ હતું. પહેલા આ કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ સાથે ફરજ બજાવી રહ્યા હતા અને તે સમયગાળા દરમિયાન સરકાર નમતું નહી જોખે તો તારીખ ૧૫ મેના રોજ સામુહિક રાજીનામા આપવાની ચીમકી ઉચ્ચારી હતી કારણ કે, છેલ્લા કેટલાયે વર્ષોથી સરકાર આવા કર્મચારીઓ સાથે અન્યાય કરતી હોવાનો આક્ષેપ કરી રહ્યા છે. તેમ છતા સરકારે નમતુ ન જોખતા દાહોદ જિલ્લામા ફરજ બજાવતા એનએચએમના કર્મીઓએ આજે જિલ્લા પંચાયતમાં વહીવટીશાખામાં પોતાના રાજીનામા ધરી દીધા હતા.આ તમામના રાજીનામા આજે મંજૂર કરી દેતા ખળભળાટ મચી ગયો છે. સીડીએચઓએ ફોન ન ઉપાડતા ઈન્ચાર્જ એડીએચઓનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યુ હતું કે એનએચએમ ના કર્મચારીઓના રાજીનામા મંજૂર કરાયા છે.

## દાહોદ પાલિકામાં સામાન્ય સભા મળી કોરોના જીવ ગુમાવનાર કોરોના વોરીયર્સે શ્રધ્ધાંજલિ આપી

દાહોદ,

દાહોદ નગરપાલિકા ખાતે આજરોજ ત્રિમાસીક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કામાનો એજન્ડાનો નિકાલ કરવા સબબ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. દાહોદ નગરપાલિકામાં કહી શકાય તો સૌ પ્રથમવાર પાલિકાના ૧૨ થી વધુ સદસ્યો દ્વારા વિવિધ કામોની દરખાસ્ત કરવામાં આવી હતી. તે દરખાસ્તો વિશે પણ ચર્ચા, વિચારણા સહિત કામો આગળ ધપાવવા વિચાર મિમર્શ કરવામાં આવ્યાં હતાં. કોરોના કાળમાં અને પોતાની સેવામાં અવસાન પામેલા કોરોના વોરિયર્સને શ્રદ્ધાંજલિ પણ આપવામાં આવી હતી.

દાહોદ નગરપાલિકાના સભાગૃહ ખાતે મળેલ આજરોજની ત્રિમાસીક સામાન્ય સભામાં વિવિધ કામો પૈકી ચેરમેન તથા સભ્યોની અઢી વર્ષની મુદત પુરી થતાં નિમણુંક કરવા બાબત, નગરપાલકિામાં રાજ્યની કોમન ડેકર સિવયની બધી જ ડેકરોમાં નગરપાલિકાના કર્મચારીઓની ભરતી, બઢતી માટે પસંદગી સમિતિના સભ્યોની નિમણુંક કરવા બાબત, કર્મચારી મજકુરની સ્વૈચ્છીક નિવૃતિ મંજુર કરવા બાબત, શહેરમાં વોટર સપ્લાય સ્કીમનું મરામત અને નિભાવણીની કામગીરી કોન્ટ્રાકટ પદ્ધતિથી આપવા બાબત, ભુગર્ભ ગટર યોજના અંગેના સમગ્ર મરામત અને નિભાવણી માટે જરૂરી ટેન્ડર પ્રક્રિયા કરી કાર્યવાહી કરવા બાબત, શહેરીજનોને ભુગર્ભ ગટરના જોડાણ આપવાની કામગીરી માટે ૧૫માં નાણાં પંચમાંથી ખર્ચ કરીને જરૂરી કાર્યવાહી કરવા બાબત, ડ્રેનેજ ફી (ભુગર્ભ ગટર) ના નિયમો મંજુર કરવા બાબત, સ્માર્ટ સીટી અંતર્ગત વોટર મીટર અન્વયે વોટર પોલીસી નક્કી કરવા બાબત, આરોગ્ય વિભાગ માટે ડમ્પસાઈટ તથા એફએસટીપી ઉપર ચોકીદાર ફીક્સ પગારથી રોકવા બાબત, આરોગ્ય વિભાગ માટે માલ, સામાન, દવાઓ, સાધન સામ્ગ્રી વિગેરે ખરીદ કરવા બાબતના ભાવો નક્કી કરવા બાબત, દુકાનોના બાકી નોન રીફંડેબલ પ્રિમિયમની રકમ ભરપાઈ કરવા બાબતે નિર્ણય લેવા બાબત, કર્મચારીઓને વિમા કવચ આપવા તથા તે અંગે થતો ખર્ચ કરવા બાબત, વિગેરે જેવા અનેક કામો અને બાબતો વિશે ચર્ચા, વિચારણા સહિત કામોને લઈ દરખાસ્તો તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું.

## દાહોદમાં કોરોના સામે પ્રતિકારક શક્તિમાં વૃદ્ધિ કરતી દવાની કિટ્સનું વિતરણ



દાહોદ,

કોરોનાકાળમાં જરૂરતમંદ વ્યકિતને શોધી તેમનામાં રોગપ્રતિકારક શકિતની વૃદ્ધિ થાય એવી એક સો જેટલી કિટ્સનું વિતરણ યુનિસેફના માદયમથી ઈન્ફોએનાલિટિક ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું છે. આ ફાઉન્ડેશન દ્વારા રૂ. ૫૦૦ની એક એવી દવાઓની કિટ્સ તૈયાર કરવામાં આવી છે. જેમાં વિટામીન-સી, વિટામીન-ડી, ઝિન્ક, ઓઆરએસ પાઉડર અને સેનિટાઈઝરની મોટી બોટલનો સમાવેશ થાય છે. આવી કિટ્સ ઈન્ફોએનાલિટિક ફાઉન્ડેશન દ્વારા રાજયના મહાનગરો અને દાહોદ સહિત કુલ ૯ શહેરોમાં આવી કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. દાહોદમાં યુનિસેફના યુવાકાર્યકર આરજે શ્રી હર્ષ ભટારિયા દ્વારા જરૂરતમંદ હોય એવી વ્યકિતને આ કિટ્સ પહોંચાડવામાં આવી હતી. કોરોનાકાળમાં સૌ નાગરિકો સામાજિક અંતર જાળવી, માસ્ક પહેરી અને સેનિટાઈઝેશનના નિયમોનું પાલન કરવાની સાથે સેવાકાર્યમાં પોતાની ભૂમિકા અદા કરે એ સમયની માંગ છે.

## દાહોદ બસ ડેપોમાં સવારથી સાંજ સુધી લાઈટો ચાલુ : ખોટો વીજ બીલ ઉપર ભાર



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરના ગુજરાતપરિવાર નિગમના (બસ ડેપો)માં સવારના આઠ વાગ્યા થી સાડા આઠ વાગ્યા સુધી લાઈટો ચાલુ જોવા મળી હતી. સુર્યદેવ આખા દેશમાં ચમચમાતી રોશની આપી રહ્યો છે. ત્યારે દાહોદ શહેરના બસ સ્ટેન્ડમાં લાગેલી લાઈટો સુર્ય દેવની રોશની ને નબળી કરવાના પ્રયત્નો કરી રહી છે અને વીજળીના થાંભલા પર બલ્બ ચમકી રહ્યા છે એ દ્રશ્ય જોઈ લાગી રહ્યું છે કે, શું ખરેખર આ ગુજરાતમાં બીજેપી સરકાર છે ? પણ બસ સ્ટેશનમાં બળતી લાઈટો જોઈને એવું લાગે છે કે, ગુજરાતમાં અરવીદ કેજરીવાલની સરકાર તો નથી ને? શું તંત્ર આવા દ્રશ્યો જોઈ વીજ કંપનીમાં ખોટા ઠાલવેલા રૂપિયા બચાવશે કે કેમ એ તો આવનાર સમય જ બતાવશે.

## ઝાલોદના મીરાખેડી ગામે રાત્રીના સમયે ટેન્કર ચાલક બોલેરોને ટકકર મારતાં એક મહિલાનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મીરાખેડી ગામે ગતરોજ રાત્રીના સમયે એક ટેન્કરના ચાલકે રોંગ સાઈડે પોતાના કબજાનો ટેન્કર હંકારી લાવી સામેથી આવતી પેસેન્જર ભરેલ એક બોલેરો ગાડીને અડફેટમાં લેતાં ગમખ્વાર માર્ગ અકસ્માતમાં એક મહિલાનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય પેસેન્જરોને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા મારફતે નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. ઝાલોદ તાલુકાના મીરાખેડી ગામે ગતરોજ રાત્રિના ત્રણ વાગ્યાની આસપાસ ગરબાડા તાલુકાના માણસો એક બોલેરો ગાડીમાં બેસી દાહોદથી લીમડી તરફ જવા રવાના થઈ રહ્યા હતા. તે સમયે સામેથી એક માતેલા સાંઢની માફક ધસી આવતાં ટેન્કરે અને તે પણ રોંગસાઈડે ટેન્કરના ચાલકે પોતાના કબજાનુ ટેન્કર પૂરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી પેસેન્જર ભરેલ બોલેરો ગાડી સાથે જોશભેર ટક્કર મારતા બોલેરો ગાડીનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને ૫૦ ફૂટ સુધી બોલેરો ઘસડી હતી. આ ગમખ્વાર માર્ગ અકસ્માતમાં બોલેરો ગાડીમાં બેઠેલ પેસેન્જરો પૈકી એક મહિલાનુંઘટના સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું જયારે ઘણા વ્યક્તિઓને શરીરે ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાની જાણ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા તેમજ પોલીસને થતાં બંને સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા અને ઈજાગ્રસ્ત ડ્રાઈવર સહિત છ થી સાત લોકોને દાહોદની હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાને પગલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની તજવીજ પણ શરૂ કરી દીધી છે.

## ગરબાડાના છરછોડા ગામની સગીરાને લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

ગરબાડા તાલુકાના છરછોડા ગામેથી એક ૧૨ વર્ષીય સગીરાને એક યુવકે પત્નિ તરીકે રાખવાના ઈરાદે અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ધાનપુર તાલુકાના બિલીચા ગામે રહેતો જયંતિભાઈ માનસીંગભાઈ મિનામાએ ગત તા.૧૦મી મેના રોજ ગરબાડા તાલુકામાં રહેતી એક ૧૨ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દે.બારીયા નગર પાલિકાની ભૂર્ગભ ગટર કાર્ય હાલમાં પાલિકા હસ્તક છે કે પછી કોન્ટ્રાકટર હસ્તક ?



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકા વિસ્તારના દરેક વોર્ડમાં ભૂર્ગભ ગટરનું કાર્ય કરવામાં આવ્યું હતું. તેને લગભગ ત્રણ વર્ષ થઈ ગયા છે. પરંતુ ભૂર્ગભ ગટરનો પેટાકુંડીઓ અમુક વિસ્તારમાં કોન્ટ્રાકરે બનાવી નથી. જેથી હાલમાં પણ ભૂર્ગભ ગટરનું ગંદુ પાણી દુર્ગંધ મારતું રોડ ઉપર વહેતું રહે છે. કરોડોનું ખર્ચ કર્યા બાદ પણ સ્વચ્છતાના દેખવા મળે તેના માટે કોણ જવાબદાર છે. નગર પાલિકાનું વહિવટી તંત્ર કે પછી કોન્ટ્રાકટર ? હાલમાં ઉદાહરણરૂપ તમને આર્યુવેદિક હોસ્પિટલનો પાછળનો વિસ્તારમાં પેટાકુંડીના હોવાના કારણે રોડ ઉપર ગંદુ પાણી વહેતું રહે છે. આ છે આપણું સ્વચ્છતા અભિયાન ભૂર્ગભ ગટરનો ચાર્જમાં આવતાં કર્મીને ના ખબર હોય તો તે રાજમહેલ રોડ મેન પીપલોદ ટુ પાવાગઢના જવાના આરસીસી રોડની ભૂર્ગભ ગટરના ઢાંકણ તૂટેલા છે. આ રોડ ઉપર થી એસ.ડી.એમ. તેમજ મામલતદાર જેવા પદના અધિકારી પોતાની ઓફિસમાં અવરજવર કરતા હોય છે શું ? તેમને પણ આ રોડ રાઉન્ડ ધ કલોક ટ્રાફિકની અવરજવર હોય છે. ભારે વાહનો પણ પસાર થાય છે. જેથી ભૂર્ગભ ગટરના ચાર થી પાંચ ઢાંકણ તુટેલા છે. તે ઢાંકણો નવા મુકવામાં આવે દુર્ઘટના ઘટે તે પહેલા મુકાશે ? તે તો આવનારો સમય બતાવશે.

## દાહોદમાં ચાર દિવસથી પીવાના પાણીની અને વીજળીની સમસ્યાથી શહેરીજનો પરેશાન

દાહોદ,

દાહોદ શહેરમાં તાઉ તે વાવાઝોડુ જાણે વિવિધ સમસ્યાઓ લઈને આવ્યુ હોય તેમ લાગી રહ્યુ છે.કારણ કે શહેરમાં પાણીના પોકારો પડી રહ્યા છે.બીજી તરફ સામાન્ય વરસાદમાં જ શહેરના કેટલાક વિસ્તારોમાં વીજળી ડુલ થઈ જતાં શહેરીજનોએ અંધાર પટ વેઠવાનો વારો આવ્યો હતો.ત્યારે સ્માર્ટ સીટીના સપના વચ્ચે શહેરીજનોને પ્રાથમિક સુવિધાઓ જ સુપેરે મળી રહે તેવુ આયોજન કરવુ જનહિતમાં છે. દાહોદ શહેરનો સમાવેશ સ્માર્ટ સીટીમાં કરવામાં આવ્યો છે. ત્યારે તેની વિભાવનામાં શહેરીજનોને પીવાનું શુધ્ધ પાણી, ૨૪ કલાક વીજ પુરવઠો, સુદ્રઢ ગટર વ્યવસ્થા, ડોર ટુ ડોર કચરા કલેક્શન, પાર્કિંગ,રસ્તા વિગેરે સુવિધાઓ આપવાનો સમાવેશ થાય છે. ત્યારે દાહોદ શહેરનો સમાવેશ છેલ્લા ૪ વર્ષથી સ્માર્ટ સીટીમાં કરાયો છે. ત્યારે આ પૈકી કેટલી અને કેવી સુવિધાઓ શહેરીજનોને મળે છે. તેનાથી દાહોદવાસીઓ સુવિદિત છે. દાહોદ શહેરમાં તાઉ તે વાવાઝોડા સાથે સમસ્યાઓ આવી છે. કારણ કે ટેક્નીકલ ખામીઓને લીધે શહેરના વોર્ડ નં ૧ માં છેલ્લા ૪ દિવસથી પીવાનું પાણી મળ્યુ નથી. કડાણા યોજનામાંથી પાણી પુરવઠો ન મળતાં પાટાડુંગરી માંથી આવતો જથ્થો પણ ઉપયોગમાં લેવાતાં શહેરમાં આંતરે દિવસે આપાતુ પાણી હાલમાં એક દિવસ મોડું આપવામાં આવી રહ્યુ છે. શહેરના વોર્ડ નં ૯માં પણ પીવાનું પાણી મળતું નથી. ત્યારે આ બાબતે પાલિકાના પાણી પુરવઠા ઈજનેર અને ચીફ ઓફિસરે ફોન સુધ્ધાં ઉપાડવાની તસ્દી ન લેતાં પાલિકાના પદાધિકારીઓનો સંપર્કકરવાની ફરજ પડી હતી. રમજાન માસમાં પણ છ દિવસ સુધી વોર્ડ નં ૧માં પીવાનું પાણી ન મળ્યુ હતું. બીજી તરફ તંત્ર શહેરીજનોને ધોળે દિવસે સ્માર્ટસીટીના સપના બતાવી રહ્યુ છે. ત્યારે શહેરના ચાકલીયા રોડ, ગોવિંદ નગર,પંકજ સોસાયટી, આદિવાસી સોસાાયટી, નહેરૂ સોસાયટી, પોલીસ લાઈન, મંડાવ રોડ જેવા વિસ્તારોમાં સહેજ અમી છાંટણા થતાં જ વીજળી વર્ષોથી ડુલ થઈ જાય છે. વર્ષોથી ચાલતી આવતી આ પરંપરા હાલમાં પણ યથાવત રહી છે.કારણ કે હાલમાં તાઉ તે વાવાઝોડાની અસર ટાંણે હળવા પવનો અને ઝરમરિયા થતાં જ આ વિસ્તારોમાં કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.ત્યારે વીજ કંપની આ વિસ્તારમાં ચોમાસામાં નિયમિત રીતે સર્જાતા ફોલ્ટને શોધી કાઢી તેનું કાયમી નિરાકરણ કરે તે ઈચ્છનિય છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 228

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## તાઉ તે વાવાઝોડામાં વરસાદને પગલે

# પંચમહાલ જીલ્લામાં અનાજ, કઠોળ અને શાકભાજીના પાકોને ભારે નુકશાન



ગોધરા,

તાઉ તે વાવાઝોડાને લઈને રાજ્યભરના વાતાવરણમાં પલટો આવતા ભારે પવન સાથે કમોસમી વરસાદ વરસતા ખેડૂતોની સ્થિતિ કફોડી બની છે. પંચમહાલ જીલ્લામાં પણ સતત ત્રણ દિવસ સુધી વરસેલા વરસાદને લઈને અનાજ, કઠોળ, શાકભાજી તેમજ બાગાયતી પાકમાં ભારે નુકસાન થવા પામ્યું છે.

તાઉ તે વાવાઝોડાને લઈને વાતાવરણમાં અચનાક આવેલા બદલાવને લીધે ભરઉનાળે ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ હતી.પંચમહાલ જીલ્લામાં પણ સતત ત્રણ દિવસ ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. જીલ્લામાં ત્રણ દિવસમાં ૩૦૫ એમ.એમ. વરસાદ જીલ્લાના સાત તાલુકામાં નોંધાયો હતો. ભરઉનાળે જીલ્લામાં વરસેલા કમોસમી વરસાદને લઈને ખેતીને ભારે નુકસાન થવા પામ્યું છે. જીલ્લામાં આ વર્ષે ઉનાળું સિઝનમાં ખેડૂતો દ્વારા કરવામાં આવેલા અનાજ-કઠોળ તેમજ બાગાયતી પાકોને ભારે પવન સાથે આવેલા કમોસમી વરસાદને લઈને ભારે નુકસાન થવા પામ્યું છે. જીલ્લામાં બાજરી-મકાઇ , શાકભાજી તેમજ તડબુચની ખેતી મહદઅંશે નિષ્ફળ જવા પામી છે. ત્યારે એક તરફ ખાતરના ભાવમાં વધારો તો બીજી તરફ કમોસમી વરસાદને લઈને થયેલા નુકસાનને લીધે ખેડૂતોની સ્થિતિ પડતા પર પાટું જેવી થવા પામી છે. જીલ્લાના ખેડૂતો સરકાર પાસે માંગ કરી રહ્યા છે કે, સરકાર દ્વારા વહેલામાં વહેલી તકે પાક નુકસાનીનું સર્વે કરવામાં આવે અને નુકસાનીના ૧૦૦% વળતર વહેલામાં વહેલી તકે આપવામાં આવે જેથી કરી આગામી ચોમાસું પાક માટે ખેડૂતોને આર્થિક મદદ મળી રહે.

### પંચમહાલ જીલ્લામાં થયેલ વાવેતર જેમાં ૫૦ ટકા વાવેતર તાઉ તે વાવાઝોડામાં નિષ્ફળ

પંચમહાલ જીલ્લામાં ડાંગર ૬૭૫ હેકટર,બાજરી ૨૨૭૫ હેકટર, મકાઈ ૫૦૦ હેકટર, મગ ૭૦૮ હેકટર, અડદ ૫૫ હેકટર, મગફળી ૫૨૫ હેકટર, તલ ૨૬૬ હેકટર, ડુંગળી ૬૪ હેકટર, શેરડી ૨૮ હેકટર, શાકભાજી ૨૭૧૬ હેકટર, ઘાસચારો ૪૮૨૦ હેકટર વિસ્તારમાં વાવતેર થવા પામ્યું હતું.

પંચમહાલ જીલ્લામાં ઉનાળું સીઝનમાં વાવતેરના આંક જોઈએ તો જીલ્લામાં ડાંગર ૬૭૫ હેકટર,બાજરી ૨૨૭૫ હેકટર,મકાઈ ૫૦૦ હેકટર, મગ ૭૦૮ હેકટર, અડદ ૫૫ હેકટર, મગફળી ૫૨૫ હેકટર, તલ ૨૬૬ હેકટર, ડુંગળી ૬૪ હેકટર, શેરડી ૨૮ હેકટર, શાકભાજી ૨૭૧૬ હેકટર , ઘાસચારો ૪૮૨૦ હેકટર વિસ્તારમાં વાવતેર થવા પામ્યું હતું. જે પૈકી ૫૦% ઉપરાંતનું વાવેતર કમોસમી વરસાદને લઈને નિષ્ફળ જવા પામ્યું હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. વાવાઝોડા તેમજ કમોસમી વરસાદને લઈને ખેડૂતોને થયેલા નુકસાન બાબતે પંચમહાલ જીલ્લાના માજી સાંસદ દ્વારા પણ સરકાર પાસે વહેલામાં વહેલી તકે ખેડૂતોને પાક નુકસાની આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.

## શહેરા તાલુકા પંથકના ખેડૂતો ઉનાળા પાક થયેલ નુકશાનને લઈને સરકાર પાસે સહાયની માંગ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના વાંટાવછોડા સહિતના અનેક ગામોમાં વાવાઝોડા સાથે આવેલા વરસાદના કારણે ઉનાળા પાક સહિત ઈંટોના ભઠ્ઠાઓને પણ નુકશાન થયેલ હતું. તાલુકા પંથકના ખેડૂતો ઉનાળા પાક થયેલ નુકશાન ને લઈને સરકાર પાસે સહાયની માંગ કરી રહ્યા છે.

શહેરા સહિત સમગ્ર જિલ્લામાં વાવાઝોડા સાથે આવેલ વરસાદના કારણે જગતનો તાત ચિંતાતુર થયો હતો. વાંટાવછોડા ગામ સહિત તાલુકાના અનેક ગામોમાં ઉનાળુ પાક તેમજ શાકભાજી અને કેરીના પાકને નુકશાન જવાની શક્યતાને લઈને ખેડૂત વર્ગ હાલ મુશ્કેલીમાં મુકાઈ ગયો છે. પવન સાથે આવેલા વરસાદના કારણે બાજરી સહિત અન્ય ખેતરમાં રહેલ પાક તેમજ સુકો ઘાસચારો પણ પલડી જતા ખેડૂત ની અનેક આશા પર પાણી ફરી વળ્યુ હતું. ઈંટોના ભઠ્ઠા તેમજ કાચા મકાનની દીવાલોને પણ નુકશાન આ વરસાદ ના કારણે થયેલ હોવાનું જાણવા મળી રહ્યુ છે. સરકાર વહેલી તકે સર્વે કરીને ખેડૂતોને બને તેટલી મદદ કરે તેવી આશા પણ હાલ ખેડૂતો રાખી રહ્યા છે. "તાઉ તે " વાવાઝોડા સાથે આવેલા વરસાદે સામાન્ય માણસ તેમજ ખેડૂત વર્ગ ને પણ મુશ્કેલીમાં મૂકી દેવા સાથે જનજીવન પર તેની અસર થવા પામી હતી. ત્યારે વહીવટીતંત્ર હવે ગ્રામીણ વિસ્તારોમાં પહોંચી જઈને પરિસ્થિતિનો તાગ મેળવે તે પણ અત્યંત જરૂરી લાગી રહ્યુ છે.

## ગોધરા અને કાલોલના ધારાસભ્યોએ તાઉ તે વાવાઝોડામાં અસરગ્રસ્તો અને પાક નુકસાનમાં સત્વરે સહાય ચૂકવવા માંગણી કરી



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

પંચમહાલ જિલ્લામાં તાઉત્તે વવાઝોડા ને કારણે ગોધરા તાલુકામાં પડેલ કસમોસમી વરસાદ અને ભારે પવનને કારણે ખેડૂતોના ઉનાળા સીઝનમાં બાજરી, તલ, તડ્ચુચ સહિત ના પાકોને ભારે નુકશાન થયેલ છે. અને ગ્રામ્ય વિસ્તારોમાં મકાન અને ઝૂંપડાઓનેનું નુકશાન થયેલ હોઈ આ તમામ અસરગ્રસ્તોને નુકશાનીનું સત્વરે સર્વે કરાવી તાત્કાલિક ધોરણે વળતર ચૂકવવા જિલ્લા વિકાસ અધિકારી પંચમહાલ અને ખેતીવાડી અધિકારી ને ધારાસભ્ય ગોધરા અને કાલોલ દ્વારા ભલામણ કરવામાં આવેલ છે.

## ગોધરા સિવિલ રેસિડેન્ટ તબીબો એ બેનરો સાથે દેખાવ કર્યા



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

પંચમહાલ જીલ્લાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા રેસિડેન્ટ ડોક્ટરોએ બેનરો સાથે દેખાવો કર્યા હતા. ગુજરાતના સીપીએસ ડોક્ટર એસોસિએશન દ્વારા રેસિડેન્ટ ડોક્ટરોની માંગ ના સંતોષાતા દેખાવો યોજવામાં આવ્યા હતા.

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત કોલેજ ઓફ ફિઝિશિયન એન્ડ સર્જન મુંબઈ (c.p.s) દ્વારા સંચાલિત.P.G ડિપ્લોમા કોર્સ અંતર્ગત કાર્યરત સરકારી ડિસ્ટ્રિકટ સબ ડિસ્ટ્રિકટ C.H.C.તેમજ પ્રાઈવેટ હોસ્પિટલમાં ફરજ બજાવતા રેસિડેન્ટ ડોક્ટરો નો માસિક સ્ટાયપેન્ડ રૂપિયા ૨૫૦૦૦/-છે. જે અન્ય સરકારી P.G ડિપ્લોમા કોર્સીસ કરતા ઘણો ઓછો છે. P.G ડિપ્લોમા કોર્સીસનો સ્ટાઈપેન્ડ માસિક રૂપિયા ૬૩૦૦૦/-છે. જે અંતર્ગત માંગણીની માંગ. તા ૬/૫/૨૦૨૧.ના રોજ કરી હતી.

જોકે, કોઈ જવાબ ના મળતા ૧૭ મેના દિવસે અનિયમિત સમય માટે હડતાળની ચીમકી પણ ઉચ્ચારી હતી પણ પ્રવર્તમાન સંજોગોમાં વાવાઝોડા અને વરસાદની આગાહીને ધ્યાને રાખી માનવતાવાદી અભિગમ રાખવા હડતાળ મોકૂફ રાખવામાં આવી હતી. આ દરમિયાન પણ ડોક્ટરોની માંગણી સંતોષાઈ નહોતી. ગોધરા, લુણાવાડા અને ઝાલોદના રેસિડેન્ટ ડોક્ટર હાજર રહ્યા હતા અને વધુમાં ડોક્ટરોએ જણાવ્યુ કે, અમારી માંગણી નહી સંતોષાય તો આગામી સમયમાં અચોક્કસ મુદ્દતની હડતાળ પર ઉતરવામાં આવશે.

## વેજલપુર ગામના કુંભારવાસથી ઢોલા તળાવ રોડ બન્યો માત્ર રેકોર્ડ પર



પંચમહાલ સમાચાર
તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામના મેન હાઈવે ઉપર આવેલ કુંભારવાસ થી ઢોલા તળાવ સુધી મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ યોજના હેઠળ માટી મેટલનું કામ માત્ર રેકોર્ડ ઉપર દર્શાવ્યો હોય તેમ લાગી રહયું છે અને હાલ કુંભારવાસ થી ઢોલા તળાવ સુધી બનેલ રસ્તાની મુલાકાત લેતા કોઈપણ પ્રકારનું માટી મેટલનું કામ થયેલ નથી અને ત્યાંના સ્થાનિક રહીશો ને ચોમાસાની શત્રુમાં કાદવ કીચડ માંથી પસાર થવું પડે છે. હાલ ત્રણ દિવસના ભારે વાવા જોડા સાથે વરસાદ પડતાં કુંભારવાસ થી ઢોલા તળાવ સુધીના રસ્તા ઉપર કાદવ કીચડ જોવા મળ્યું હતું અને આજુબાજુ ખેતરો આવેલા હોવાથી સ્થાનિક લોકોને કાદવ કીચડ માંથી જવા મજબુર થવુ પડે છે અને ત્યાંના સ્થનિકો દ્વારા જણાવવામાં આવ્યું હતુ કે, સરપંચ માત્ર વોટ લેવા માટે આવે છે અને મોટા મોટા વચનો આપીને જતા રહે છે અને પછી કોઈપણ સરપંચ આ વિસ્તાર ની મુલાકાત લેવા આવતા પણ નથી. જેથી આવા લોકોને ભગવાન નો પણ ડર રહયો નહોય તેમ લાગે છે. મનરેગાના અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હોય જેથી આવિસ્તારમાં કામો કર્યા ન હોય તેવા જોબકાર્ડ ધારકોમાં એન્ટ્રીઓ નીલ કરી દીધી છે. ત્યારે પંચમહાલ સમાચારમાં એન્ટ્રીઓ અને નાણાં ઉપડેલ અને સ્થાનિક રોડના ફોટા સહિત તમામ પુરાવા સાથે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયતમાં મનરેગાના કામોમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. સ્થળ ઉપર કામ થયા વગર મનરેગા યોજના જોબકાર્ડ ધરાવતા શ્રમિકોની હાજરી ભરવામાં આવી છે. માત્ર કાગળ ઉપર કામો બનાવીને સરકારી નાણાં તે સગેવગે કરવામાં આવ્યા છે. મનરેગા રોજમેળ અને જોબકાર્ડ એડવાન્સ હાજરી પુરવાના જેવા અનેક ભ્રષ્ટાચારનો અહેવાલ પંચમહાલ સમાચાર દૈનિકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. કાલોલ મનરેગા વિભાગમાં ચાલતા ભ્રષ્ટાચાર ખુલ્લો પડતો હોય તેમ લાગતાં મનરેગાની ઓનલાઈન રેકર્ડ માંથી ખોટા અને બોગસ કામોની એન્ટ્રી નીલ કરવામાં આવી રહી છે. પરંતુ આમ કરવાથી ભ્રષ્ટાચાર છુપાશે નહિ.

## ગોધરામાં શહેરા થી CNG રીક્ષામાં લવાયેલ ગૌમાંસના જથ્થા સાથે આરોપી ઝડપાયો



શહેરા,

ગોધરા શહેર બી ડિવિઝન પોલીસે સીએનજી રિક્ષામાંથી ગૌમાંસનો જથ્થો ઝડપી પાડ્યો હતો.પોલીસે ત્રણ થેલા ખોલીને તપાસ કરતા ૧૫૮ કિલો માંસનો જથ્થો મળી આવવા સાથે એક ને પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. ગૌમાંસ ૧૫૮ કિલો શહેરા થી લાવવામાં આવ્યુ હોવાનુ બહાર આવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેર બી ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે, એક સીએનજી રિક્ષામાં ગૌમાંસનો જથ્થો લાવવામાં આવી રહ્યો છે. જેના આધારે પોલીસ દ્વારા દ્વારા ગોધરા શહેરના એસટીનગર પાસે વોચ ગોઠવવામાં આવી હતી. જે દરમ્યાન બાતમી મુજબની રિક્ષા આવતા પોલીસે તેને અટકાવી હતી. જેમાં તપાસ કરતાં ત્રણ થેલા મળી આવ્યા હતા. પોલીસે થેલા ખોલીને તપાસ કરતા ૧૫૮ કિલો માંસનો જથ્થો મળી આવ્યો હતો. જેને લઇને પોલીસ દ્વારા માંસનો જથ્થો કબજે લઇને ગૌમાંસ હોવાની આશંકાએ આ માંસના નમુના વેટરનરી લેબમાં પરીક્ષણ અર્થે મોકલ્યા હતા. જેમાં આ માંસનો જથ્થો ગૌમાંસ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસની પૂછપરછ દરમ્યાન આ ગૌમાંસ શહેરા બસ સ્ટેન્ડ પાછળ વચલા મહોલ્લામાં રહેતા ફેઝાન ઉર્ફે ફેસલ નાદીર બેલીમે મોકલ્યો હતો.જ્યારે આ ગૌમાંસ ગોધરા શહેરના રેહાના ઉર્ફે ઝીણીબેન ઈસહાક ભટુકે મંગાવ્યો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આ ગૌમાંસના જથ્થા સાથે ઝડપાયેલા ફારૂક યુસુફ મામજી નામના ઈસમની અટકાયત કરી હતી.જ્યારે અન્ય બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા.

## વેજલપુર નાયક ફળીયાના ઘરમાં રાખેલ ૧.૪૬ લાખનો દારૂ પોલીસે ઝડપ્યો



તસ્વીર : જયદીપ ઠાકર, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામે નાયક ફળીયાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેઈડ દરમ્યાન ઘર માંથી તેમજ કારમાં રાખેલ ક્વાટરીયા નંગ-૨૦૨૬ કિંમત ૧,૪૬,૪૦૦/- તથા કાર મળી ૩,૯૧,૪૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.


પ્રાપ્ત વિગતો પ્રમાણે વેજલપુર ગામના નાયક ફળીયાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે નાયક ફળીયામાં રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન ઘરમાં પેટી પલંગ માંથી તેમજ સેવરોલેટ સેઈલ ગાડી નંબર જીજે.૦૬.એચએલ.૮૭૮૦માં ૪૨ પેટી ઈંગ્લીશ દારૂની સુપર સ્પીડ વ્હીસ્કી ક્વાટરીયા નંગ-૧૯૨ કિંમત ૧,૩૪,૪૦૦/- વ્હીસ્કી કાચના ક્વાટરીયા નંગ-૪૮ કિંમત ૪,૮૦૦/-રૂપીયા બ્લયુ વ્હીસ્કીના ક્વાટરીયા નંગ-૪૮ કિંમત ૭,૨૦૦/-રૂપીયા મળી ૧,૪૬,૪૦૦/-રૂપીયાના દારૂનો જથ્થો તેમજ ગાડી મળી ૩,૯૧,૪૦૦/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. જ્યારે પોલીસની રેઈડ દરમ્યાન નાશીજનાર ઈસમ વિરૂદ્ધ વેજલપુર પોલીસ મથકે પ્રોહિબીશન એક્ટ હેઠળ ફરિયાદ નોંધી ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

## હાલોલ તાલુકાના રાધનપુર ગામે ખુલ્લામાં જુગાર રમતા ૯ ઈસમોને ૫ લાખ રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપ્યા

હાલોલ,

હાલોલ તાલુકાના રાધનપુર ગામે ખુલ્લામાં કેટલાક ઈસમોને જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન ૯ ઈસમો ૫,૦૫,૬૮૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના રાધનપુર ગામે જીતેન્દ્ર ઉર્ફે જીતુ પોચી પટેલના ઘરની પાછળ ખુલ્લામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે હાલોલ રૂરલ પોલીસે રેઈડ કરી હતી રેઈડ દરમ્યાન લલિત ઉર્ફે લલ્લો દેવાજી મારવડી, કમલેશભાઈ અવાસ, વિજયસિંહ ગોહિલ, કેતનકુમાર પરમાર, ગોપાલભાઈ મારવાડી, ભુરાજી મારવાડી, બકુલભાઈ મારવાડી, દિનેશભાઈ ઠાકોર, નરેન્દ્રસિંહ રાજપુતને ઝડપી પાડવામાં આવ્યા હતા. અંગઝડતીમાં ૧૫,૧૬૦/- રૂપીયા દાવ ઉપર મુકેલ ૫૦૦૦/-રૂપીયા મળી ૨૦,૧૩૦/-રૂપીયા મોબાઈલ ફોન-૯ કિંમત ૩૦,૫૦૦/-રૂપીયા છ વાહનો મળી ૫,૦૫,૬૮૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપાઈ જવા પામ્યા. આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## પંચમહાલમાં નવા ૯૫ કેસ પોઝીટીવ : ૮૧ દર્દીઓ સાજા થયા



ગોધરા,

પંચમહાલ જિલ્લામાં આજે કોવિડ-૧૯ સંક્રમણના નવા ૯૫ કેસ મળી આવતા સંક્રમણના કુલ કેસની સંખ્યા ૯૦૬૬ થવા પામી છે. ૮૧ દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા હાલની સ્થિતિએ જિલ્લામાં સક્રિય દર્દીઓની સંખ્યા ૧૨૭૨ થવા પામી છે. જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. નવા મળી આવેલા તમામ કેસો પૈકી ગોધરા શહેરમાંથી ૧૫, હાલોલમાંથી ૦૪ કેસ અને કાલોલમાંથી ૦૫ કેસો મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાંથી મળી આવેલા કેસોની સંખ્યા ૫૨૮૫ થઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવેલા કેસો જોઈએ તો ગોધરાના ગ્રામ્યમાંથી ૧૮, હાલોલ ગ્રામ્યમાંથી ૧૧, કાલોલ ગ્રામ્યમાંથી ૦૯, મોરવા હડફ ગ્રામ્યમાંથી ૧૧, શહેરા ગ્રામ્યમાંથી ૦૭ અને ઘોઘંબા ગ્રામ્યમાંથી ૧૨ કેસ મળી આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવતા કેસની સંખ્યા ૩૭૮૧ થવા પામી છે. સારવાર બાદ સાજા થતા આજે કુલ ૮૧ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ સાથે હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૭૬૦૯ થવા પામી છે. જિલ્લામાં કોરોનાના સક્રિય કેસોની સંખ્યા ૧૨૭૨ થઈ છે, જેમની સારવાર ચાલી રહી છે.

### પંચમહાલ જીલ્લાની આજની કોરોના સ્થિતિ

: શહેરી વિસ્તાર :
ગોધરા-૧૫
હાલોલ - ૦૪
કાલોલ - ૦૫

: ગ્રામ્ય વિસ્તાર :
ગોધરા - ૧૮
હાલોલ - ૧૧
કાલોલ - ૦૯
મોરવા(હ) - ૧૧
ઘોઘંબા - ૧૨
શહેરા - ૦૭

સક્રિય કેસ - ૧૨૭૨
રજા અપાઈ - ૮૧
કુલ આંક - ૯૦૬૬